બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારનું દર મહિને પ્રગટ થતું માસિક મુખપત્ર



# નવકારનો રણકાર



પ્રેરણા અને માર્ગદર્શન : નવકાર મંત્રના પરમ સાધક પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'

આદ્ય તંત્રી : સ્વ. મુંજાલ બાબુભાઈ શાહ

તંત્રી : ચીમનલાલ એમ. શાહ, 'કલાધર'

માનાર્હ સંપાદકો : સોમચંદ વેલજી લોડાયા (આરિખાણા - મુલુન્ડ) ••• વાસંતી રમેશ સોની (વડાલા - ચિંચપોકલી)

વિ.સં. ૨૦૬૯ ••• જેઠ ••• વર્ષ-૧૦ ••• અંક-૧ ••• સળંગ અંક-૧૦૯ ••• નિઃશૂલ્ક વિતરણ











## પૂ. 'રાહી' સાહેબની જૈન સંગીત ક્ષેત્રની ૫૦ વર્ષની ઉજવણી પ્રસંગે નમ્ર નિવેદન

**પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'** આપણા સૌના લોકલાડીલા ગુરુવર્ય છે. આપણને સૌને નવકારની આરાધનામાં જોડવામાં તેમનું મોટું યોગદાન છે. નવકાર મંત્રનો પ્રતાપ, પ્રભાવ, સામર્થ્ય અને મહિમા સમજાવી તેમણે આપણને સૌને જાપ માર્ગમાં સ્થિર કર્યા છે એટલું જ નહિ નવકારને હૃદયસ્થ કરવાની ચાવી બતાવી આપણા સૌ ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. આવા આપણા સૌના પરમોપકારી ગુરુવર્ય **પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'** એ તાજેતરમાં પોતાના જૈન સંગીત ક્ષેત્રના પચાસ વર્ષ પૂર્ણ કર્યા છે. જૈન જગતમાં જૈન સંગીત ક્ષેત્રે પચાસ વર્ષની યશસ્વી યાત્રા પૂર્ણ કરનારા નામોમાં **શ્રી 'રાહી' સાહેબ**નું નામ અમારા ખ્યાલ મુજબ સર્વ પ્રથમ છે. પચાસ વર્ષની તેમની જૈન સંગીત યાત્રામાં તેમણે અનેક સિદ્ધિઓ મેળવી છે અને જૈન શાસનનો ભારે ઉદ્યોત કર્યો છે. જૈન સંગીતના શિરોમણિ એવા **શ્રી 'રાહી' સાહેબ**ની આ ક્ષેત્રની સુવર્ણ જયંતી શાનદાર રીતે ઉજવવા બીએમપીપી દ્વારા એક વિરલ, વિશિષ્ટ અને બેમિસાલ સંગીતનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ ક્યાં છે? ક્યારે છે? અને આ કાર્યક્રમમાં શું છે? તેની સઘળી માહિતી આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે. **પૂ. શ્રી 'રાહી' સાહેબ**ના જૈન સંગીત ક્ષેત્રના આ સુવર્ણ જયંતી પ્રસંગે અમારે તો એટલું જ કહેવાનું છે કે **પૂ. 'રાહી' સાહેબ**ના જીવનના બે પ્રિય કાર્યો **(૧) 'નવકારનો રણકાર' સામયિકને આર્થિક રીતે સદ્ધર કરવું અને (૨) સાધર્મિક ભક્તિના કાર્યને વેગ આપવો.** આ બે કાર્યો માટે આપ સૌ **પૂ. 'રાહી' સાહેબ**ને અવશ્ય નચિંત કરી શકો છો. આપ આ બંને કાર્યો માટે યોગ્ય રકમ ફાળવશો એટલું જ નહિ આ સત્કાર્ય માટે આપ આપના મિત્રો-સ્વજનોને પણ પ્રેરણા આપી માતબર રકમ અપાવશો એવી અપેક્ષા આજે અમે રાખી રહ્યા છીએ. અમને આશા, વિશ્વાસ અને શ્રદ્ધા છે કે આ બંને કાર્યો માટે માતબર રકમનું ફંડ આપ સૌના ઉષ્માભર્યા સહયોગથી અવશ્ય થઈ શકશે અને **શ્રી 'રાહી' સાહેબ**ના જૈન સંગીત સુવર્ણ જયંતી પ્રસંગે આપ સૌ તરફથી આવો અનુપમ અને અમૂલ્ય સાથ-સહકાર સમાજ અને શાસનની યશ-પતાકાને વધુ ગગનગામી બનાવશે એમાં અમને લેશ માત્ર શંકા નથી.

**-માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર**




આ અંકના પ્રમુખ શુભ દાતા

મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા વર્તમાન અરિહંત પરમાત્મા શ્રી સીમંધરસ્વામીના મહિમાશીલ, મહાપ્રભાવક જિનમંદિરના દર્શનાર્થે... પધારો... પધારો... પધારો...

**શ્રી ચૈત્ય સીમંધરસ્વામી જિનપ્રાસાદ**

ચૈત્ય ટાવર, શિવદાસ ચાંપશી રોડ, મઝગાંવ, મુંબઈ-૪૦૦ ૦૧૦. ફોનઃ ૨૩૭૧૨૨૨૧

• પુણ્યયોગે નિમિત્ત પ્રકારે સ્વદ્રવ્યથી જિનાલયના નિર્માણ કર્તા •

શ્રીમતી ઝવેરબેન દલપતરાજ પુખરાજજી જૈન સમસ્ત મલ્લેશા પરિવાર

(ખીવાન્દી-રાજસ્થાન-દાદર)

સૌજન્ય : ચૈત્ય ફાઉન્ડેશન-મઝગાંવ, મુંબઈ-૪૦૦ ૦૧૦.

સંપર્ક સૂત્ર : મહેન્દ્ર જૈન મો. ૯૮૨૦૫૮૫૪૫૧ ✧ ચંદ્રેશ જૈન મો. ૯૮૧૯૫૬૬૪૪૧



# પૂ.'રાહી' સાહેબના જૈન સંગીત ક્ષેત્રના સુવર્ણ મહોત્સવ પ્રસંગે નવકારનો રણકાર અને સાધર્મિક ભક્તિના કાર્યોને સદ્ધરતા બક્ષવા, વેગ આપવા નમ્ર અપીલ

પૂ. ગુરુવર્ય **શ્રી જયંતભાઇ 'રાહી'**ના જૈન સંગીત ક્ષેત્રના ૫૦ વર્ષની પૂર્ણાહુતિ પ્રસંગે તેમના સંગીત ક્ષેત્રનો સુવર્ણ મહોત્સવ ઉજવવાનો અમૂલ્ય અવસર આપણને સૌને સાંપડી રહ્યો છે ત્યારે **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના બે કાર્યોને સત્વરે વેગ આપવા આ પ્રસંગે આપ સૌ આરાધકોને નમ્ર ભાવે અપીલ કરીએ છીએ.

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ને જીવનમાં બે કાર્યો અતિ પ્રિય છે. **(૧) નવકાર જાપ** અને **(૨) સાધર્મિક ભક્તિ.** નવકાર જાપના મહિમાને લોકો સુધી પહોંચાડનાર કોઇ માધ્યમ હોય તો તે છે **પૂ. 'રાહી' સાહેબે** ચાલુ કરાવેલ **'નવકારનો રણકાર' માસિક પત્ર. 'નવકારનો રણકાર'** છેલ્લા નવ વર્ષથી **શ્રી ચીમનભાઇ કલાધર**ના કુશળ તંત્રીપદ હેઠળ પ્રગટ થઇ રહ્યું છે. એટલું જ નહિ આ પત્ર મેળવવા માટે આરાધકોની સાથે સાધુ-સાધ્વી ભગવંતોની પણ માગણી મોટા પ્રમાણમાં આવી રહી છે. નવકારનું અનેકવિધ સાહિત્ય દર મહિને પ્રસ્તુત કરતું અને હજારો લોકોને નવકારાભિમુખ બનાવતું **આપણું લોકપ્રિય માસિક પત્ર 'નવકારનો રણકાર' હાલ ખોટમાં ચાલી રહ્યું છે.** કોઇપણ સામયિકને ચલાવવું હોય, તેનો વિકાસ કરવો હોય, તેને પ્રગતિના પંથે લઇ જવું હોય તો તેની આર્થિક સ્થિરતાનો સર્વ પ્રથમ વિચાર કરવો પડે. **પ્રવર્તતા કપરા સમયમાં 'નવકારનો રણકાર' આર્થિક રીતે નબળું પડતું જાય છે. તેને પૂરતા પ્રમાણમાં પેજ શુભેચ્છકો મળતા નથી. ભીષણ મોંઘવારીના સમયમાં જો પૂરતો આર્થિક સહકાર ન મળે તો 'નવકારનો રણકાર' વધુ આગળ ચલાવી શકાય નહિ તેવી આજે સ્થિતિ પ્રવર્તે છે.**

**પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ની એક જ ભાવના છે કે કોઇપણ સંજોગોમાં **'નવકારનો રણકાર'** સામયિક ચાલુ રહેવું જોઇએ. હજારો લોકોને નવકારાભિમુખ બનાવનાર, હજારો લોકોને નવકાર યાત્રામાં જોડનાર આ સામયિક થોડું બંધ થઇ શકે? **પૂ. 'રાહી' સાહેબ**ની ભાવના અનુસાર તેમના આ સંગીત સુવર્ણ જયંતી અવસરે **'નવકારનો રણકાર'**નું માતબર રકમનું કાયમી ફંડ એકત્ર કરવામાં આવે તો આ સામયિક આર્થિક રીતે સદ્ધર થતાં આપણી નવકાર યાત્રાને સવિશેષ વેગ મળી શકે એ નિશ્ચિત વાત છે.

આપ સર્વ આરાધકોને ખાસ વિનંતી છે કે **'નવકારનો રણકાર'**ની આર્થિક સદ્ધરતા માટે આપનો પ્રેમભર્યો સહયોગ આપો એટલું જ નહિ આપના સ્વજનો-મિત્રોને પણ આ સમ્યક્ કાર્યમાં સાથ-સહકાર આપવા પ્રેરણા કરો. **પૂ. ગુરુવર્ય શ્રી 'રાહી' સાહેબ**ની આ ભાવનાને ફળીભૂત કરવામાં આપ પાછી પાની નહિ જ કરો એવી અતૂટ શ્રદ્ધા આ તકે અમે રાખી રહ્યા છીએ.

બીજી વાત છે **સાધર્મિક ભક્તિની. પૂ. શ્રી 'રાહી' સાહેબ** દ્વારા છેલ્લા પંદર વર્ષથી **સાધર્મિક ઉત્કર્ષ અભિયાન** દ્વારા સાધર્મિક ભક્તિનું સુંદર કાર્ય થઇ રહ્યું છે. આ સત્કાર્યમાં **પૂ. 'રાહી' સાહેબ**ના પ્રતિવર્ષ મળતા આર્થિક યોગદાનની સાથે આરાધકોની દાન-રાશિ પણ વખતોવખત મળતી રહી છે. તેમ છતાં આ વિરાટ કાર્યને જે વેગ આપવો જોઇએ તે આપી શકાયો નથી. ગુજરાત અને કચ્છના કેટલાક ગામોમાં એકલા-અટુલા રહેતા વૃદ્ધોને સવાર-સાંજના ટિફિન પહોંચાડવાની સાથે તેમને દવા, વસ્ત્રો વગેરેની સહાય પણ **શ્રી 'રાહી' સાહેબ** દ્વારા કરવામાં આવે છે. હવે આ કાર્ય માટે સવિશેષ ફંડની આવશ્યકતા છે. તેથી આપ સૌ આ સમ્યક્ કાર્યમાં વધુને વધુ યોગદાન આપો એવી અપીલ અસ્થાને તો નથી જ. આપણા શાસ્ત્રોમાં સાધર્મિક ભક્તિનો ભારે મહિમા ગવાયો છે. સાધર્મિક ભક્તિ એ મહાપુણ્યનું કાર્ય છે. તેથી **પૂ. શ્રી 'રાહી' સાહેબ**ના આ કાર્યમાં આપ સૌનો આર્થિક સહયોગ મળી રહે તે માટે સર્વ આરાધકોને વિનમ્ર ભાવે વિનંતી કરીએ છીએ.

**બસ... વિશેષ તો શું લખીએ? પૂ. 'રાહી' સાહેબની જિન શાસનની અવિરત સેવાનું કોઇ મૂલ્ય થઇ શકે તેમ નથી. પૂ. 'રાહી' સાહેબની આ બે મહાન ભાવનાને સાકાર કરવા આપ સૌનો પ્રચંડ સાથ-સહકાર મળી જ રહેવાનો છે તેવી અમને પૂર્ણ શ્રદ્ધા છે.**

**માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર**

卐 'નવકારનો રણકાર' ના સંપર્ક કાર્યાલયો 卐

**શ્રી ચીમનલાલ કલાધર**
301, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, 75, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
દાદર (પૂર્વ), મુંબઇ-400014. મોબાઇલ : 9819646533

**શ્રી સોમચંદ વેલજી લોડાયા** (MA OM)
એ/104, સાંઇ ક્લાસીક, મહાત્મા ફુલે રોડ, મુલુન્ડ (પૂર્વ), મુંબઇ-81.
ફોન : (022) 2163 6399, મોબાઇલ : 9322275440
Email ID : somchand@maom.net

શુભેચ્છક
શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ખાતા ટ્રસ્ટ
અને શ્રી ચેમ્બુર જૈન સંઘ - ચેમ્બુર તીર્થ

## તંત્રી સ્થાનેથી...



# અષાઢી પુનમનો છે અનોખો રંગ રે...

**'અષાઢી પુનમનો છે અનોખો રંગ રે,**
**ગુરુ પૂર્ણિમાના પુનિત દિવસનો સંગ રે;**
**'રાહી' સાહેબનો જન્મદિન ઉજવાય રે,**
**ધન્ય ગુરુ, ધન્ય ધન્ય તુમ અવતાર રે...'**

અષાઢી પુનમ એટલે ગુરુ પૂર્ણિમાનો મહાન દિવસ. ગુરુનો મહિમા કરતું **આ ગુરુ પર્વ સોમવાર, તા. ૨૨મી જુલાઇ ૨૦૧૩ના પવિત્ર દિવસે આવી રહ્યું છે.** આ મહાન દિવસે આપણા સૌના પરમોપકારી **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'** તેમની જીવન યાત્રાના **૭૧** વર્ષ પૂર્ણ કરીને **૭૨**મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. **પૂ. 'રાહી' સાહેબ**ના જન્મદિને અમારી શુભ કામના પાઠવીએ છીએ. અને પ્રભુને પ્રાર્થીએ છીએ કે તેઓશ્રી દીર્ઘ આયુષ્યને પામે, નિરામય જીવન વિતાવે અને તેમના દિવ્ય નવકાર જાપ દ્વારા તેઓ વધુને વધુ લોકોને નવકારાભિમુખ બનાવી પોતાનું શ્રેય સાધે.

એક અતિ આનંદની વાત તો એ છે કે **પૂ. 'રાહી' સાહેબ**ના **જૈન સંગીત ક્ષેત્રના ૫૦ વર્ષની શાનદાર પૂર્ણાહુતિ** નિમિત્તે તેમનો જૈન સંગીત ક્ષેત્રનો **સુવર્ણ મહોત્સવ અષાઢ વદ-૬ને રવિવાર, તા. ૨૮-૦૭-૨૦૧૩**ના રોજ દાદર (પૂર્વ)ની **હાલારી વીસા ઓસવાલ જૈન વાડી**માં યોજાઇ રહ્યો છે. **પૂ. 'રાહી' સાહેબ**ના બે પ્રિય કાર્યો **(૧) નવકાર જાપ અને (૨) સાધર્મિક ભક્તિ**થી આપ સૌ સુપરિચિત છો. નવકારના સવિશેષ પ્રચાર-પ્રસાર માટે તેમણે **શ્રી ચીમનલાલ કલાધર**ના તંત્રીપદ હેઠળ **'નવકારનો રણકાર'** માસિક પત્ર શરૂ કરાવ્યું છે. છેલ્લા નવ વર્ષથી નવકારનો મહિમા ઘરે ઘરે પ્રસારિત કરતું આ માસિક પત્ર ટૂંક સમયમાં અતિ લોકપ્રિય બની ચૂક્યું છે. **પૂ. 'રાહી' સાહેબના જીવનના બે સંકલ્પ છે : (૧) 'નવકારનો રણકાર'ને આર્થિક રીતે પગભર બનાવવું અને (૨) સાધર્મિક ભક્તિના કાર્ય માટે માતબર રકમનું ફંડ એકત્ર કરવું.** તો સુજ્ઞ નવકાર આરાધકોને ખાસ વિનંતી છે કે **'નવકારનો રણકાર'** માટે આપ વધારેમાં વધારે અનુદાન આપો. સમગ્ર જૈન સમાજમાં નવકાર વિષયક આ સર્વ પ્રથમ સામયિકને ટકાવી રાખવું હોય, તેને સવિશેષ ગતિશીલ બનાવવું હોય અને ઘર ઘરમાં નવકાર મંત્રને સજીવન રાખવો હોય તો આપ સૌના હૃદયમાં વસેલ આ **'નવકારનો રણકાર'** પત્રને વધુને વધુ રકમનું અનુદાન આપી તેના કાયમી નિભાવ ફંડની ઝોળી એવી છલકાવી દો કે ફરી ફરી **પૂ. 'રાહી' સાહેબ**ને આ પત્ર માટે ક્યારેય અપીલ કરવી ન પડે.

**પૂ. 'રાહી' સાહેબ** દ્વારા ચાલતા સાધર્મિક ઉત્કર્ષ અભિયાનમાં કચ્છ-ગુજરાતના નાના-નાના ગામોમાં એકલા-અટુલા રહેતા વૃદ્ધજનોને સવાર-સાંજના જમવાના ટિફિનની, તેમની દવા અને વસ્ત્રોની જરૂરિયાત છેલ્લા દોઢ દાયકાથી પૂરી પાડવામાં આવે છે. આજના કપરા કાળમાં કરવા જેવા આ ઉપકારી સત્કાર્યમાં હવે સારી એવી રકમની જરૂર પડે છે. તેથી સાધર્મિક ભક્તિના આ સમ્યક્ કાર્યમાં આપ ઉદાર હાથે ફાળો નોંધાવી **પૂ. 'રાહી' સાહેબ**ના હાથ વધુ મજબૂત બનાવો.

**પૂ. 'રાહી' સાહેબ**નો **૭૨**મો જન્મદિન નજીક આવી રહયો છે. આપણા પરમોપકારી ગુરુવર્યના ઉપરોક્ત બે મનોરથ પૂર્ણ કરવામાં આપણે સૌ જરા પણ ઉણા નહિ ઉતરીએ એવી પૂર્ણ શ્રદ્ધા છે. ગુરુ ઋણ અદા કરવાનો આ શ્રેષ્ઠ અવસર આવ્યો છે તે ન ભૂલીએ.

**'સો સો સૂરજ ઉગે ભલે, ચંદા ઉગે હજાર;**
**ચંદા-સૂરજ હો ભલે, ગુરુ વિણ ઘોર અંધકાર!'**

**- ચીમનલાલ કલાધર**

## 'નવકારનો રણકાર' અંગે
## શ્રી જયંતભાઇ રાહીનો સંપર્ક

**'નવકારનો રણકાર'** અંગેની કોઇપણ વિગતો માટે, અનુદાન માટે, સમાચારો, પ્રસંગો કે લેખ સામગ્રી આપશ્રી **શ્રી જયંતભાઇ 'રાહી'**ને પણ પાઠવી શકો છો. તેમનો સંપર્ક નીચેના સરનામે કરી શકાશે.

**શ્રી જયંતભાઇ 'રાહી'**
**શ્રીપાલ, ફ્લેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા, એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.** ફોન : **૨૫૨૨૬૯૫૮, ૨૫૨૮૬૭૧૬**

**શ્રી ધણીબાવાના ભાવિકો વતી પૂ. માતુશ્રી રતનબાઇ લાલજી લધા સોની પરિવાર**
શુભેચ્છક
(કચ્છ વડાલા-ચિંચપોકલી) હ. રમેશભાઇ સોની - ફોન : ૨૩૭૫૩૩૧૧.
શ્રીમતી સવિતાબેન રમણીકલાલ મોરારજી સાવલા પરિવાર (કચ્છ તુંબડી-ઘાટકોપર) હ. મુકેશભાઇ - ફોન : ૨૩૭૨૩૮૩૫.



# વિશ્વપ્રાણ નવકાર

## પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબ

**પોતાના શરણાગતને ‘વિશ્વપુરુષ’નો અભિષેક કરનારા વિશ્વપ્રાણ શ્રી નવકારની અચિંત્ય તારક ક્ષમતાના વિવિધ પાસાઓનું સચોટ પ્રતિપાદન તથા પંચ પરમેષ્ઠી ભગવંતોની સતત કલ્યાણભાવ મહેંકતી દિશામાં વાળનાર આ લેખ છે. – તંત્રી**

### મહામંત્રનો ભાવાર્થ

પરમેષ્ઠીઓને નમસ્કાર એ વિશ્વ પ્રેમના મહા સિદ્ધાન્તોને અર્પેલી અંજલિ છે.

**‘નમો અરિહંતાણં’**, અરિતાને મિત્રતા વડે હણનારા, **‘નમો અરહંતાણં’** સર્વેને મિત્રતા વડે શત્રુતાને હણવાનું શીખવાડનારા માટે સર્વ પૂજ્ય, **‘નમો અરુહંતાણં’** મિત્રતા વડે શત્રુતાનો નાશ કરી તથા કરાવી ભવમાં નિહં ઉત્પન્ન થનારાઓને જન્મ-જરા-મૃત્યુને જીતી જનારાઓને નમસ્કાર. કર્મ શત્રુને હણનારા, દ્રવ્ય કર્મ જ્ઞાનવરણાદિ અને ભાવકર્મ અશુભ રાગ-દ્વેષાદિ, માન-મત્સરાદિ, વિષય-કષાયાદિ તેનો નાશ કરનારાઓને નમસ્કાર. શુભ ભાવો વડે દ્રવ્ય કર્મ અને ભાવ કર્મનો નાશ થાય છે. આ મહામંત્રનો ભાવાર્થ છે.

### પંચ પરમેષ્ઠીમાં નવતત્ત્વનું ધ્યાન

સિદ્ધનું ધ્યાન જીવતત્ત્વનું ધ્યાન છે, અજીવતત્ત્વનું વિરોધી છે.
અરિહંતનું ધ્યાન પુણ્યતત્ત્વનું ધ્યાન છે, પાપતત્ત્વનું નાશક છે.
આચાર્યનું ધ્યાન સંવરતત્ત્વનું ધ્યાન છે,
આશ્રવતત્ત્વનું પ્રતિબંધક છે.
ઉપાધ્યાયનું ધ્યાન નિર્જરાતત્ત્વનું ધ્યાન છે, બંધતત્ત્વનું નાશક છે.
સાધુનું ધ્યાન મોક્ષતત્ત્વનું ધ્યાન છે. સંસારતત્ત્વનું નાશક છે.

### વર્તમાન શ્રી જૈન સંઘ

વર્તમાન શ્રી જૈન સંઘ પંચ પરમેષ્ઠી ઉપર પૂર્ણ ભક્તિવાળો બનો. શ્રી અરિહંત પરમાત્મા વિશ્વનું કલ્યાણ કરનારા છે. તેમનો બતાવેલો ધર્મ વિશ્વનું કલ્યાણ કરવા માટે છે અને તે ધર્મનું પાલન કરનારા તે હેતુ માટે એટલે વિશ્વ કલ્યાણના હેતુ માટે ધર્મ કરી રહ્યા છે, આવી જાણ જીવમાત્રને થાઓ. તેના પરિણામે અરિહંત પરમાત્મા તેમનું શાસન અને તેમના શ્રી સંઘ પ્રત્યે જીવ માત્ર આદર બહુમાનવાળા બનો.

### ત્રિકાળ સ્મરણ

મલીન મનને નિર્મળ બનાવીને શિવમસ્તુની ભાવનાની પરાકાષ્ઠાએ પહોંચેલા શ્રી પંચ પરમેષ્ઠીનું ત્રિકાળ, વિશુદ્ધ ભાવથી સ્મરણ કરવામાં આવે તો તે સ્મરણમાં કષાય, પ્રમાદ, અશુભયોગ અને તુચ્છ વિષયો પ્રત્યેની આસક્તિ નિવારણ કરવાનું અચિંત્ય સામર્થ્ય છુપાયેલું છે.

ત્રણે કાળ ત્રણ ત્રણ વખત **‘શિવમસ્તુ સર્વજગતઃ’** એ ભાવનાપૂર્વક **બાર બાર નવકાર ગણનાર** વ્યક્તિની, વ્યક્તિના બનેલ સમૂહની અને સંઘના સ્થાપક શ્રી જિનેશ્વરદેવની, તીર્થની, આજ્ઞાની અને પ્રવચનની કેટલી મોટી ઉન્નતિ અને તેના પ્રભાવની વૃદ્ધિ થાય અને પરંપરાએ કેટલાએ આત્માઓ બોધિબીજની પ્રાપ્તિ કરી સદ્‌ગતિની પરંપરાએ મુક્તિ સુખના અધિકારી બને, તે હકીકત વિચારશીલ પ્રત્યેક વ્યક્તિ વડે સહેલાઇથી સમજી શકાય તેવી છે.

### શ્રી અરિહંતમાં પંચ પરમેષ્ઠી

શ્રી અરિહંત પંચ પરમેષ્ઠીમય છે. પંચ પરમેષ્ઠીની સ્તુતિ એ અપેક્ષાએ અરિહંતની સ્તુતિ છે. શ્રી અરિહંતમાં અરિહંતપણું તો છે જ ઉપરાંત સિદ્ધપણું છે. ગણધરોને **‘ઉપન્નેઇવા’** ઇત્યાદિ ત્રિપદીરૂપ સૂત્રની દેશના આપનારા હોવાથી ઉપાધ્યાયપણું પણ છે. કંચન-કામિનીના રાગથી અલિપ્ત, નિર્વિષય ચિત્તવાળા નિર્મળ, નિસંગ અને અપ્રમત્તભાવવાળા હોવાથી સાધુપણું ધારણ કરનારા પણ છે. એ રીતે પાંચે પરમેષ્ઠીમય હોવાથી અરિહંતની સ્તુતિ પંચ પરમેષ્ઠીની સ્તુતિરૂપ છે અને પંચ પરમેષ્ઠીની સ્તુતિ અરિહંતની સ્તુતિ રૂપ છે. અરિહંતમાં પંચ પરમેષ્ઠી અને પંચ પરમેષ્ઠીમાં અરિહંત કંથચિત્ રહેલા છે. એ જ ન્યાય આગળ લંબાવતાં સમગ્ર વિશ્વમાં અરિહંત અને અરિહંતમાં સમગ્ર વિશ્વ રહેલું છે. જ્ઞાનના અને કરુણાના વિષયરૂપે સમગ્ર અચેતન-સચેતન વિશ્વ અરિહંતના ઉપયોગમાં રહેલું છે. કહ્યું છે :-

**जिनो दाता जिनो भोक्ता, जिन: सर्वमिदं जगत् ।**
**जिनो जगति सर्वत्र, यो जिन: सोऽहमेव च ।।१।।**

### વિશ્વના આત્મા

શ્રી અરિહંત એ વિશ્વના આત્મા છે. સમગ્ર વિશ્વ તેમના આત્મામાં જ્ઞાનરૂપે, કરુણારૂપે, મૈત્રીરૂપે, પ્રમોદરૂપે, માધ્યસ્થરૂપે પ્રતિબિંબિત છે, તેથી અરિહંતની સ્તુતિમાં સમગ્ર વિશ્વની સ્તુતિ અને સમગ્ર વિશ્વની સ્તુતિમાં અરિહંતની સ્તુતિ સમાઇ જાય છે. આ નિશ્ચયની વિચારણા છે.

નિશ્ચયનય અભેદનું અવલંબન લે છે. અરિહંતમાં આત્મા અને આત્મામાં અરિહંત, અરિહંતમાં પંચ પરમેષ્ઠી અને પંચ પરમેષ્ઠીમાં અરિહંત અરિહંતમાં સમગ્ર વિશ્વ અને સમગ્ર વિશ્વમાં અરિહંત એ સંગ્રહનયનો વિષય છે. અરિહંતની નિશ્ચય સ્તુતિ પંચ પરમેષ્ઠીની સ્તુતિ, આત્માની સ્તુતિ, એ સમગ્ર વિશ્વની સ્તુતિરૂપ છે. અરિહંતની વ્યવહાર સ્તુતિ કેવળ અરિહંતના આત્માની, આઠ મહાપ્રાતિહાર્યોની સમવસરણાદિ ઋદ્ધિની સ્તુતિરૂપ છે, એ રીતે નયવિભાગ સમજવો.

### વાસક્ષેપ

પાંચે આંગળી ભેગી કરીને વાસક્ષેપ નંખાય છે. વાસ એટલે સુગંધ, સર્વ જીવો સુખી થાઓ એવી શ્રી પંચ પરમેષ્ઠીની ભાવનાનો ક્ષેપ કરવો, તેનું નામ વાસક્ષેપ અથવા પંચ પરમેષ્ઠી ભગવંતો દ્વારા ભવનિસ્તારની આશિષ આપવી, તે વાસક્ષેપ.

### ચતુઃશરણનો પ્રભાવ

ચતુઃશરણ વડે ચાર કષાયોનો ક્ષય થાય છે. મૈત્ર્યાદિ ચાર ભાવો પોષાય છે. ક્ષમાદિ ચાર ગુણો પ્રગટે છે. અરિહંતનું શરણ-ક્રોધનો નાશ કરે છે, તથા મૈત્રી ભાવ અને ક્ષમાગુણ વિકસાવે છે. સિદ્ધનું શરણ-માનનો નાશ કરે છે. તથા પ્રમોદભાવ અને નમ્રતાગુણ વિકસાવે છે. સાધુનું શરણ માયાનો નાશ કરે છે. તથા કારુણ્યભાવ અને સરળતાગુણ વિકસાવે છે. ધર્મનું શરણ લોભનો નાશ કરે છે. તથા માધ્યસ્થભાવ અને સંતોષગુણ વિકસાવે છે.

### પાંચ આચારની શુદ્ધિ

પરમેષ્ઠી નમસ્કાર વડે પાંચ આચારની શુદ્ધિ થાય છે. અરિહંત નમસ્કારથી જ્ઞાનાચારની શુદ્ધિ થાય છે.

સિદ્ધ નમસ્કારથી દર્શનાચારની શુદ્ધિ થાય છે.

આચાર્ય નમસ્કારથી ચારિત્રાચારની શુદ્ધિ થાય છે.

ઉપાધ્યાય નમસ્કારથી તપાચારની શુદ્ધિ થાય છે.

સાધુ નમસ્કારથી વીર્યાચારની શુદ્ધિ થાય છે.

અથવા પાંચે નમસ્કાર વડે પાંચે આચારોની શુદ્ધિ થાય છે.

### અરિહંતની પૂજા

અરિહંતના પૂજનથી રાગ-દ્વેષ આદિ માનસિક દુર્ભાવો દૂર થઇ ચિત્ત નિર્મળ બને છે. ચિત્ત નિર્મળ-નિર્વિકાર થવાથી સમાધિ, ધ્યાન યા ચિત્તની એકાગ્રતા સિદ્ધ થાય છે. ચિત્તની સમાધિ અને એકાગ્રતા વડે કર્મની નિર્જરા અને નિર્વાણ સુખની પ્રાપ્તિ થાય છે. માટે અરિહંતની પૂજા ન્યાયપ્રાપ્ત છે. અરિહંતોની પૂજા કુશલાનુબંધ કર્મ છે. અરિહંતની પૂજાથી પવિત્ર ગુણોનું સ્મરણ અને તે વડે પરિણામોની કલ્મષતાનું અપહરણ થાય છે. મનની નિર્વિકારતા અને નિર્વિકલ્પતા સિદ્ધ થાય છે. પરંપરાએ પરમપદની પ્રાપ્તિ થાય છે.

□□□

## શ્રી નવકાર અને ઉપમા

**પૂ. પંન્યાસ શ્રી અભયસાગરજી મહારાજ સાહેબ**

શ્રી નમસ્કાર મહામંત્ર ખરેખર અચિંત્ય પ્રભાવશાળી હોઇ આત્મશક્તિઓના વ્યવસ્થિત વિકાસને સાધવામાં મુમુક્ષુઓને અત્યંત ઉપયોગી અને હિતકર નીવડે છે.

તેથી જ આરાધક પુણ્યાત્માઓ ચિંતામણી, કલ્પવૃક્ષ, કામધેનુ આદિ ભવ્ય ઉપમાઓ, તેના પ્રતિ કૃતજ્ઞતા દર્શાવવા સહજ ભાવે પ્રરૂપતા હોય છે.

વાસ્તવિક દૃષ્ટિએ, તો અનંતશક્તિનિધાન આત્માની વિરાટ શક્તિઓના ઉદ્‌ગમસ્થાનસમા રાજરાજેશ્વર શ્રી નમસ્કાર મહામંત્ર માટે લૌકિકદૃષ્ટિએ ઉત્તમ ગણાતી બધી જ ઉપમાઓ સૂર્યને દીપક બતાવવા સમાન છે.

કેમ કે આ ઉપમાઓ દ્વારા વ્યક્ત કરાતો જડ શક્તિઓનો ચરમ ઉત્કર્ષ પણ જે આત્મશક્તિને આધીન છે તેના સંપૂર્ણ ઉત્કર્ષની સાધના જેની આરાધનાથી સુશક્ય બને તેવા અખંડ જ્યોતિનિધાન શ્રી નમસ્કાર મહામંત્રને અજ્ઞાન, મોહના સંસ્કારો અને અનાદિકાલીન ભવવાસનાઓએ ઉપજાવેલ વિવિધ કામનાઓ અને એષણાઓના દુઃખને અનૈકાન્તિ રીતે માત્ર હડસેલવાની (દૂર કરવાની શક્તિ તો નથી જ) શક્તિ ધરાવનારા-ચિંતામણી આદિ ઉત્તમ પદાર્થોની પણ ઉપમા મેરુને રાઇના દાણાની ઉપમા આપવા સમાન છે.

તાત્ત્વિક દૃષ્ટિએ મહામંત્ર શ્રી નવકાર અનુપમેય જ છે.

તેમ છતાં અનંતપુણ્યના સંયોગે શ્રી નવકાર મહામંત્રને પામેલા આત્માઓ, શ્રી નવકારની આરાધનામાં અધિક નિષ્ઠાવાળા બને તે ભાવદયાપૂર્ણ અનુગ્રહની દૃષ્ટિએ ઉપકારી ભગવંતોએ યોજેલી આ બધી વ્યાવહારિક ઉપમાઓ, આરાધનાની પ્રાથમિક ભૂમિકાએ આરાધકભાવની દૃઢતા માટે આવશ્યક વ્યાવહારિક સમર્પણ ભાવ કેળવવામાં ઉપયોગી નીવડે છે.

ચાલતાં શીખી જાય એટલે બાળક ચાલણ ગાડીમાં નથી મોહોતો તેમ આરાધનામાં પાકટતા આવે એટલે મુમુક્ષુ આત્મા ઉપમાના સહારા સિવાય જ આગળ વધે છે.

□□□



# નવકારની અણમોલ, તાત્ત્વિક વચનોની મહેંક

## પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ

'અણમોલ માનવજીવનની પ્રત્યેક ક્ષણ શ્રી નવકારમય બની રહે, અંતરાય અને આપત્તિ વખતે આપણું હૈયું બેવડા બળપૂર્વક શ્રી નવકારને જ રટે, સુખ અને સાનુકૂળતાને શ્રી નવકારની આરાધનાના માત્ર આંશિક ફળ તરીકે સમજે અને સ્વીકારે અને કદીયે ન ચલિત થાય એવા પરમપદની નિષ્ઠાપૂર્વકની આરાધનામાં અધિક વીર્ય ફોરવે, તેમ જ શ્રી નવકારનો કેવળ સ્વાર્થ ખરીદવાના ચલણી સિક્કા તરીકે ભૂલ યા પ્રમાદથી પણ ઉપયોગ ન કરી બેસે, એવાં અનેક અણમોલ, તાત્ત્વિક અને ઉપકારક વચનોની સુરભિ વડે મહેંકતો આ લેખ સૌને ઉપયોગી થશે.

–તંત્રી

અનેક દૃષ્ટિએ જોતાં શ્રી નમસ્કાર મંત્ર અને પંચ પરમેષ્ઠીની ઉપાસના અનેક પ્રકારના ધર્મરૂપ બનવાથી એ એની ભૂમિકામાં ઉપાસક પાસે વિવિધ યોગ્યતાની, વિવિધ ગુણોની અપેક્ષા રાખે છે. તેથી જેવી રીતે બીજનું વાવેતર કરી પાકની અપેક્ષા રાખનારો ખેડૂત ભૂમિને ખેડીને મુલાયમ બનાવવાની ઉપેક્ષા કરી શકે નહિ, જેવી રીતે કપડાં પર રંગ ચઢાવવા ઇચ્છનાર રંગરેજ ભૂમિકારૂપે કપડામાંથી મેલ કાઢી સાફ કરવાની ઉપેક્ષા કરી શકે નહિ, જેમ મકાનનો પાયો નાખવા ઇચ્છનાર કારીગર ભૂમિમાંથી ધૂળ, શલ્યો વગેરે હટાવવામાં બેદરકાર રહે નહિ, એવી રીતે શ્રી નવકાર મંત્રની ઉપાસના કરવા ઇચ્છનાર ભવ્યાત્મા ભૂમિકાના દોષત્યાગ અને ગુણસંપાદનની ઉપેક્ષા કરી શકે નહિ.

આ કહેવતનો એ અર્થ નથી કે તો પછી ભૂમિકાના અભાવે મહામૂલા શ્રી નવકારમંત્રને ગણનારને નિરુત્સાહી કરવા. કહેવું તો એ છે કે આવો કિંમતી શ્રી નવકાર ગણીએ ને લાખનો માલ પાંચ રૂપિયામાં લીલામ થવા જેવું ન બને એ જોવાનું છે. સર્વ પાપનો નાશક અને સર્વ મંગલમાં શ્રેષ્ઠ મંગળભૂત શ્રી નવકારમંત્ર ગણવાના કેટલા બધા ઊંચા લાભ છે! એ ગુમાવીને કેવળ ઐહિક હેતુ માટે એને ગણવો એ દયાપાત્ર સ્થિતિ છે. વિચારવું ઘટે છે કે આમેય આ વિરાટ વિશ્વમાં નવકારમંત્ર ક્યાં મળે છે? અહીં જો એ મળ્યો છે તો એની અન્ય લાભદાયી આરાધના કરવામાં કચાશ શા માટે રાખીએ?

શ્રી નવકારના મહાન લાભમાં બળવાન પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જવા ઉપરાંત અનાદિકાળથી ચાલી આવતી કુવાસનાઓ અને દોષોમાં ધરખમ હ્રાસ કરવાનો છે. આ તો જ શક્ય બને કે ભૂમિકાના ગુણો અને પ્રશસ્ત ભાવ તરફ જરાય ઉપેક્ષા કર્યા વિના એ માટે પ્રયત્નશીલ રહીએ અને શ્રી નવકારમંત્ર પર શ્રદ્ધા એટલી બધી વિકસાવીએ કે જીવનમાં એ પ્રધાન સ્થાન પામે.

જીવનમાં શ્રીનવકારને પ્રધાન સ્થાન કેવું આપીએ છીએ એ ગંભીરપણે વિચારવાની જરૂર છે. અહીં, પ્રધાનનો એ અર્થ નથી કે એની એકને બદલે પાંચ દશ માલા ગણતા હોઇએ, અથવા માત્ર સુતાં જાગતાં શ્રી નવકાર પાંચ-સાત ગણતા હોઇએ તો એને પ્રધાન કર્યો ગણાય. પ્રધાનનો અર્થ છે કે વિવિધ દુઃખ નિવારવામાં અને વિવિધ સુખ મેળવવામાં જેમ ભિન્ન ભિન્ન સાધનો મગજમાં ઝટ ઉપસ્થિત થાય છે. એના બદલે પહેલો ઝટ શ્રી નવકાર ઉપસ્થિત થઇ જાય.

દા.ત.-તાવ આવ્યો કે ઝટ સુદર્શન, ક્વીનાઇન કે વૈદ ડોક્ટર તરફ નજર જાય છે. માથું દુખ્યું ઝટ બામ કે એવા સાધન તરફ દૃષ્ટિ જાય છે, જાય પણ એ પછી, પહેલાં તો શ્રી નવકાર તરફ જ દૃષ્ટિ જાય. જો શ્રી નવકાર પર એવી અટલ શ્રદ્ધા હોય કે-'સમસ્ત દુઃખોનો નાશ કરવાની શ્રી નવકારમાં તાકાત છે, તો તાવ, શિરદર્દ વગેરે દુઃખ કેમ નહિ ટાળે? જરૂર ટાળશે,'-આવી જો શ્રદ્ધા છે, તો સહેજે દુઃખ આવતાં ઝટ પહેલાં શ્રી નવકાર યાદ આવવો જ જોઇએ.

પ્રશ્ન થશે કે તો શું શ્રી નવકાર રટતા બેસી રહેવું ને દવા ન લેવી?

ઉત્તર એ છે કે હા, જો ધૈર્ય હોય સમાધિ રહેતી હોય તો એમ કરવું. પરંતુ ચિત્તની સ્થિરતા ન રહેતી હોય દવા લેવા-વાપરવા જતા હોઇએ, તો પણ પહેલાં નવકાર યાદ કરીને. તેય બે પાંચ નહિ, ૫૦-૧૦૦-૨૦૦. ભડકશો નહિ, ડોક્ટરના દવાખાને આજની ભીડમાં કેટલો સમય જાય છે? દવા ખાવા છતાંય પથારીમાં કલાકો કે દિવસો પડી રહેવું પડે છે ને? તો આ શું ખોટું છે? પણ આ શ્રદ્ધા જોઇએ કે મારા સર્વ દુઃખ જશે તો તે નવકારના પ્રભાવે જ. સર્વ દુઃખોનો નિવારક અને સર્વ સુખોનું કારણ એક માત્ર નમસ્કારાદિ ધર્મ જ છે. માટે તે સર્વપ્રધાન પુરુષાર્થ છે. એટલે બીજા કોઇપણ પુરુષાર્થ કરતાં આને પહેલું સ્થાન આપું, પ્રધાન, મુખ્ય સમજીને આદરું. - આવી દૃઢ શ્રદ્ધા હોય તો ઉચિત પ્રવૃત્તિ માત્રમાં

પહેલો શ્રી નવકાર યાદ આવે. ત્યારે શ્રી નવકારનો ગણનારો અનુચિત તો કશું આદરે નહિ, એટલે કહો કે એની પ્રવૃત્તિમાત્રમાં પહેલું શ્રી નવકારસ્મરણ હોય પંચ પરમેષ્ઠીને નમસ્કાર હોય.

એટલું સમજવાનું છે કે શ્રી નવકાર ગણીને એ શું ઇચ્છે છે? શું માત્ર લૌકિક લાભ? ના, પર્યન્તવર્તી મોક્ષના લાભ, ને એનાં સાધનભૂત ઉચ્ચ દર્શન-જ્ઞાન-ચારિત્રના લાભ. એટલે એને વિષક્રિયાનો દોષ નથી લાગતો. શું જગતમાં કે શું મોક્ષમાં, સર્વત્ર સુખ નમસ્કારાદિ ધર્મમંગળથી મળે છે-એવી એની સચોટ પ્રતીતિ અને માટે જ ખરો પુરુષાર્થ ધર્મનો જ છે એવું એનું દઢ માનસિક ધોરણ, એને વાતભેગો શ્રી નવકાર ભજવા પ્રેરે છે. પછી બીજા લૌકિક સાધનને આદરતાં પણ આ વિશ્વાસ છે કે 'મારા શ્રી નવકારના પ્રભાવે જ આ સાધનો પણ સફળ થઇ શકવાના છે. સાધનોનો પુરુષાર્થ એટલે કે દવા લેવાનું કરવું, દુકાન ચલાવવી વગેરે પુરુષાર્થ તો પાતળા પુરુષાર્થ છે.

ખરો પુરુષાર્થ, આત્માને શોભાદાયી પુરુષાર્થ, શ્રી નમસ્કારાદિ ધર્મનો પુરુષાર્થ જ છે. એ જ મને સર્વ દુઃખ, સર્વ વિટંબણા, સર્વ નાલેશીના કારણભૂત કર્મબંધનોમાંથી છોડાવી કેવળ હાલના મંગળ-પ્રકાશ સાથે મુક્તિ મહેલમાં શાશ્વત વાસ કરાવશે.''

બસ, વાત આ છે કે,

(૧) રોગમાં દવા, ધનેચ્છામાં ધંધો, દાવામાં વકીલ, કાર્યની ભીડમાં સહાય વગેરે વગેરે સાધન ભજતાં પહેલાં શું નવકારને ભજીએ છીએ?

(૨) અવારનવાર ૨૦૦-૫૦૦-૧૦૦૦-૫૦૦૦ શ્રી નવકારનો પ્રયોગ કરીએ છીએ? અર્થાત્ દા.ત. કલેશની શાન્તિ કરવી છે, તો લાવ, બે હજાર શ્રી નવકાર ગણી લઉં... દુનિયા કોઇ વિષય લોભમાં તણાય છે, લાવ હું શ્રી નવકારજાપમાં લાગું, આજે વહેલો જાગ્યો છું તો બેસું હજાર બે હજાર શ્રી નવકાર ગણવા... સામો નકામી કુથલી નિંદા કરવા આવ્યો છે, ત્યાંથી ચાલી જવાની કે ઉઠાડી મૂકવાની હિંમત નથી, તો લાવ હું મારે મનમાં શ્રી નવકારનું ધ્યાન કરતો બેસું... ગાડીમાં આડુઅવળું જોવા સાંભળવામાં નકામા પાપ બંધાશે, અને મોહના સંસ્કારો દઢ થશે, એના કરતાં લાવ સળંગ શ્રી નવકાર સ્મરણ કર્યા કરું... લોકો કહે છે દવા કરો રોગ મટી જશે, પણ લાવ હું શ્રી નવકાર ઉપર મંડીને જ દ્રવ્ય-ભાવ બંને રોગ કાઢું... ઇત્યાદિ ઇત્યાદિ પ્રયોગ પ્રયત્ન કરાય છે ખરા?

(૩) કષાયના આવેશમાં ચઢ્યા વિના રહેવાતું નથી, પણ શું એ શ્રદ્ધા છે કે લાવ પહેલાં ધ્યાનપૂર્વક શ્રી નવકાર ૫-૫૦ ગણવા દે. કદાચ આવેશ શમી જશે અગર ઓછો તો થઇ જશે જ? એમ કરીને ક્રોધ, અભિમાન, ઈર્ષ્યા, લોભ, લાલસાના ઉછાળા આવે ત્યારે ત્યારે પહેલાં ૫-૫૦ શ્રીનવકારનું સ્મરણ કરાય છે ખરું?

(૪) કોઇ પાપ થઇ જાય તો મન ડંખે છે કે 'અરે! પાપ થઇ ગયું, ત્યાં શું એવું રાખ્યું છે તો લાવ પહેલી સજા તરીકે ૫૦૦-૧૦૦૦-૨૦૦૦ શ્રી નવકાર ગણી લેવા દે? જૂઠું બોલાઇ ગયું, લાવ બસો શ્રી નવકાર ગણી લઉં, માયા, અનીતિ થઇ ગઇ, લાવ ૫૦૦-૧૦૦૦ શ્રી નવકાર ગણી લઉં, ઉગ્રતા કરી, કોઇની સાથે વિખવાદ કર્યો, લાવ હજાર શ્રી નવકાર ગણી લઉં, જેથી સાચો પશ્ચાત્તાપ થાય, પાપમાં વળતર મળે, ને નમસ્કારાદિ ધર્મનું શરણ ખરું સ્વીકાર્યું ગણાય. રોજીંદા જીવનમાં પોતાના અને કુટુંબીઓના માટે આવી કોઇ પ્રવૃત્તિ ખરી?

(૫) મલિન વિચારો કે ફજુલ વિચારો મનમાં આવ્યા જ કરે છે, આમ રોક્યા રોકતા નથી, તો લાવ જ્યારે જ્યારે એવા વિચાર ચાલુ થવાનું દેખાય કે તરત શ્રી નવકાર રટવા માંડું. આવું કંઇક ખરું?

(૬) કોઇપણ ધાર્મિક પ્રવૃત્તિ શરૂ કરતાં પહેલાં શ્રી નવકાર ચિંતન થાય છે ને?

આ પ્રશ્નો એ તપાસવા માટે છે કે જીવનમાં શ્રી નવકારને કેવુંક પ્રધાન સ્થાન આપીએ છીએ, તેમ એ સમજવા માટે છે કે પ્રધાન સ્થાન આપવા શું શું કરવું જોઇએ.

આપણી શ્રદ્ધાની, આપણી ભક્તિની, આપણી પરલોકદષ્ટિની અને આપણા માનવભવનાં મૂલ્યાંકનની કસોટી અહીં થાય છે. શ્રી નવકાર મહામંત્રને જીવનમાં પ્રધાન સ્થાન આપવાથી કોઇ નવું જોમ, નવી સ્ફૂર્તિ અને નવીન જ જિનશાસન-સ્પર્શનાનો અનુભવ થાય છે.

આ મહાન શ્રી નવકારમંત્રની આરાધનામાં અનુમોદના અને પ્રાર્થનાના બે મહાન તત્ત્વ સામેલ કરાય એ કેટલું જરૂરી અને કેવું લાભદાયી છે એની વિચારણા વળી કોઇ અવસરે જોઇશું.

□□□

**પૂજ્યશ્રી જયંતભાઇ 'રાહી'ના સૂર અને શબ્દના સથવારે જેઠ મહિનાના નવકાર મંત્ર જાપ અનુષ્ઠાન**

**ચેમ્બુર તીર્થ મધ્યે**

જેઠ સુદ-૧ને રવિવાર, તા. ૯-૬-૨૦૧૩

**ઘાટકોપર મધ્યે**

જેઠ સુદ-૭ને રવિવાર, તા. ૧૬-૬-૨૦૧૩

**મુલુન્ડ મધ્યે**

જેઠ સુદ-૧૫ને રવિવાર, તા. ૨૩-૬-૨૦૧૩

**શ્રી નમિનાથ જિનાલય-પાયધુની મધ્યે**

જેઠ વદ-૧૪ને રવિવાર, તા. ૭-૭-૨૦૧૩



# નવકારભાવ, નમ્રતા અને સૌમ્યતા

ચંદુલાલ શાહ (અરિહંત વંદનાવલીના રચયિતા 'શ્રીચંદ્ર')

શ્રી નમસ્કાર મહામંત્રના પ્રથમ બે અક્ષરો **'નમો'** આ જગતના તમામ સદ્‌ગુણોના અધિષ્ઠાયક-શિરતાજ છે. વિશ્વમાં પ્રવર્તી રહેલા ભિન્ન ભિન્ન મતમતાંતરોમાં કોઇ પણ એવો ધર્મ નથી જેણે Humility (નમ્રતા) અને Meekness (સૌમ્યતા) ઉપર ભાર ના મૂક્યો હોય. પરંતુ એ વિનમ્રતા અને સૌમ્યતા (સમભાવ)નો સમ્યગ્ ઉદ્‌ભવ નમસ્કારભાવ વિના શક્ય નથી, એવું કહેવાનો યશ શ્રી અરિહંત પરમાત્મા-પ્રણીત જૈન દર્શનને ફાળે જાય છે. નમ્રતા અને સૌમ્યતારૂપી બે અશ્વોને નમસ્કારભાવરૂપી રથમાં જોડીને જ મોક્ષમાર્ગના પ્રવાસની શરૂઆત થઇ શકે છે, એ નક્કર સત્ય ઉપર, શ્રી સર્વજ્ઞ ભગવંતોએ નવકારમંત્રનું આલંબન લેવા માટે જે પરમ પ્રકાશ પાથર્યો છે, એ જો સમજાઇ જાય, તો જીવન મધુર, મધુર બની જાય, બેડો પાર થઇ જાય.

**'ક્રિસોસ્તોમ'** નામના પશ્ચિમના વિદ્વાને નમ્રતા વિષે લખ્યું છે : "Humility is the root, mother, nurse foundation and bound of all virtues." અર્થાત્ 'નમ્રતા એ તમામ સદ્‌ગુણો માટે બીજ, જનેતા, પરિચારિકા, પાયો અને અનુબંધ છે.' પરંતુ, નમસ્કારભાવ વિનાની નમ્રતા અહંકારની જનેતા અને ઠગારી નીવડે છે, એનો ખ્યાલ ઘણા ઓછા માણસોને છે. **'મારકસ ઓરેલીઅસ'** નામના એક બીજા વિદ્વાને આને માટે બહુ સુંદર વાત કરી છે : "Nothing is so scandalous than a man that is proud of his humility". અર્થાત્ 'પોતાની નમ્રતાનો ઘમંડ રાખનાર માણસ જેવું 'કલંકિત' આ જગતમાં બીજું કશું નથી.' આ વાત ખૂબ વિચારવા જેવી છે. તમામ સદ્‌ગુણોનો આવિષ્કાર નમ્રતામાંથી થાય છે, એમ બધા જ કહે છે. પરંતુ ગુમાનરહિત નમ્રતા નમસ્કારભાવ સિવાય શક્ય જ નથી, એ વાત માત્ર જૈન તત્ત્વવિદોએ જ કહી છે. માત્ર કહી જ નથી, તમામ શુભ પ્રવૃત્તિઓના પાયામાં મંગળાચરણરૂપી શ્રી નમસ્કાર મહામંત્રની સ્થાપના કરીને એ હકીકત એમણે સિદ્ધ કરી બતાવી છે. નમસ્કાર મહામંત્રના પદોમાં પુનઃ પુનઃ આવતો **'નમો'** શબ્દ સાચી વિનમ્રતા અને કાર્યક્ષમ સમભાવ (સૌમ્યતા) ક્યાંથી આવે છે, તેનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

જ્યાં નમસ્કારભાવ નથી, ત્યાં નમ્રતા નથી, જ્યાં નમ્રતા નથી ત્યાં સમભાવ નથી, જ્યાં સમભાવ નથી ત્યાં કોઇ પણ સદ્‌ગુણનો વાસ નથી અને જ્યાં કોઇપણ સદ્‌ગુણ નથી ત્યાં પછી શું રહે છે? અર્થાત્ કાંઇ જ નહિ. શ્રીનમસ્કાર મહામંત્રની સાધનાનો પ્રાથમિક હેતુ નમસ્કારભાવ જનિત વિનમ્રતા અને સૌમ્યતાને પ્રગટાવવાનો જ રાખી શકાય. એ હેતુ જો ના હોય તો પરિણામ કંઇ આવે નહિ. અંગત મહત્તાને ત્યાં બાજુ પર જ મૂકવી પડે. **એક પાશ્ચાત્ય વિદ્વાને લખ્યું છે :** 'A desire for personal prominence in worldly affairs is conceit and false pride which bring up blessings to life Humility and meekness are true qualities which bring the good results desired by all sane people. અર્થાત્, 'દુન્યવી બાબતોમાં વ્યક્તિગત મહત્તાની ઇચ્છા (કામના) કેવળ ભ્રમ અને મિથ્યાભિમાન છે, જીવનમાં કોઇ આશિર્વાદનો અભિષેક તેનાથી થતો નથી. તમામ શાણા મનુષ્યો જે શુભ પરિણામની ઇચ્છા રાખે છે, તે વિનમ્રતા અને સૌમ્યતારૂપી સદ્‌ગુણોના વિકાસથી જ લાવી શકાય છે.'

આપણે આમાં એટલું ઉમેરવાનું છે કે નમસ્કારભાવના પૂર્ણ વ્યાપ્તિકરણ વિના સાચી વિનમ્રતા અને સૌમ્યતા શક્ય જ નથી, અને આપણી દીનતા, હીનતા તથા ક્ષતિઓની બેધડક કબૂલાત વિના એ મહત્ત્વપૂર્ણ નમસ્કારભાવની ઝાંખી પણ થઇ શકતી નથી.

**એક બીજા વિદ્વાને અન્યત્ર લખ્યું છે :** 'A man should never be ashamed to own that he has been in the wrong which is but saying, in other words, that he is wiser today than he was yesterday'. અર્થાત્, 'પોતાના હાથે ઘણાં ખોટાં કાર્યો (પાપકૃત્યો) થયાં છે, એ વાતનો સ્વીકાર કરતાં માણસે કદી પણ શરમાવું જોઇએ નહિ. એની (ભૂલની) કબૂલાત કરવાનો બીજો અર્થ એ થાય છે કે ગઇ કાલે હતો તેના કરતાં આજે તે વધારે શાણો છે.'

શ્રી નમસ્કાર મહામંત્રમાંના **'નમો'** શબ્દની અદ્‌ભુત ખૂબી અને વિશિષ્ટ કામગીરી આથી સ્પષ્ટ થાય છે. **'નમો'** શબ્દ આપણાં દુષ્કૃત્યો (આત્માને ભવભ્રમણના ચક્કરમાં ચડાવનારાં કર્મો) વિશે આપણને જાગ્રત કરે છે. એ જાગ્રતિથી આપણામાં વાસ્તવિક નમસ્કારભાવ પ્રગટે છે. એ નમસ્કારભાવ આપણા રોમરોમમાં વ્યાપ્ત થાય છે. એનાથી સાચી વિન્રમતા પ્રાપ્ત થાય છે. એના વડે પૂર્ણ સમભાવનો આવિર્ભાવ થાય છે. એનાથી ખેંચાઇને વિશ્વના તમામ સદ્‌ગુણો આપણને આવી મળે છે. સદ્‌ગુણોનું આગમન દુર્ગુણોની નિર્જરામાં પરિણમે છે. નિર્જરાની સાથે સાથે જ સંવર કાર્યશીલ બને છે. એના ફળસ્વરૂપ મોક્ષમાર્ગનાં દ્વાર સાધક માટે ખુલ્લાં થાય છે. એકલા હાથે કશી સિદ્ધિ પ્રાપ્ત કરી શકાતી નથી. સહાય અને શુભેચ્છા વિના પ્રગતિ થઇ શકતી નથી. આ કાર્ય શત્રુઓ દ્વારા નથી થતું, મિત્રો દ્વારા જ થઇ શકે છે. **'નમો'** એ મૈત્રી અને મિત્રો માટેનું ચુંબકીય રસાયણ છે. નમવા માંડીએ એટલે મિત્રો મળવા માંડે. એ મિત્રો શુભેચ્છા લઇને આવે. એની પ્રતિક્રિયારૂપ વિશ્વમૈત્રી અને વિશ્વકલ્યાણ-શિવમસ્તુની ભાવના આપોઆપ પ્રગટવા માંડે.

વિશ્વકલ્યાણની ભાવના જ્યારે સાચોસાચ પ્રગટે ત્યારે નિજકલ્યાણ તો મંદિર પરના શિખરની જેમ આપોઆપ Automatically ત્યાં પ્રસ્થાપિત હોય જ. આ મહાકાર્ય નમસ્કારભાવનું છે અને નમસ્કારભાવમાંથી સ્વતઃ પ્રગટતી સર્વસદ્‌ગુણસંપન્નતાનું કારણ **'નમો'** નામનો બે અક્ષરનો શબ્દ છે. આ **'નમો'**, ત્રણે જગતના સ્વામિત્વનું બીજ છે. તમામ તીર્થંકર ભગવંતો અને તમામ સિદ્ધ પરમાત્માઓની સકળ સિદ્ધિઓ આ **'નમો'**માંથી જ ફાલીફૂલી છે. ઉપર ચડવું હોય તો વાંકા વળીને (નમીને) જ ચડી શકાય છે. આત્માની ઉર્ધ્વગામી ગતિ માટે પણ એવું જ છે. **સેઇન્ટ બર્નાર્ડ** એક સ્થળે કહ્યું છે : 'It is only the humble that can climb safely to the heights.' અર્થાત્, (નમસ્કારભાવવાળા) નમ્રજનો જ સલામતીપૂર્વક ઊંચાણ પર ચડી શકે છે. આવું આ **'નમો'** પદ જેમને પ્રાપ્ત થયું છે, તેમને भयं कस्मात? ભય શાનો?

□□□



# જીવનમાં શ્રી નવકાર

પૂ. પંન્યાસ શ્રી કાંતિવિજયજી ગણિવર્ય

શ્રી નમસ્કાર મહામંત્રના સ્વભાવ-સિદ્ધ સ્થાન અંગે ક્યાંય બે મત છે જ નહિ. જીવનમાં શ્રી નવકાર મોખરે રહે એટલે શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું પૂરેપૂરું પાલન થાય જ, તે પછી ન શ્રી જિનાજ્ઞા મુજબના અનુષ્ઠાનનું ગૌરવ ઘટે કે ન કોઇનાય ધર્મપુરુષાર્થમાં મંદતા આવે. ગંભીર ચિંતન તત્ત્વદર્શી ભગવંતોના મહામંત્ર પ્રત્યેના ભાવ સાથે અનુષ્ઠાનો પ્રત્યેના પરંપરાગત આપણા યથાર્થ ભાવને સ્પષ્ટપણે વ્યક્ત કરે છે. તેમ જ શ્રી નવકાર અને ધર્માનુષ્ઠાનો ઊભયની આવશ્યકતાને સરળ છતાં ભાવવાહી શૈલીમાં બિરદાવે છે. – તંત્રી

શ્રી જૈન શાસનમાં સાધુ અને શ્રાવક બન્નેયના જીવનમાં શ્રી નમસ્કાર મહામંત્રનું કેવું અને કેટલું અગત્યનું સ્થાન છે એ હકીકત આપણે બહુ જ ટૂંકમાં અહીં વિચારવી છે. જૈન કુળમાં જન્મ પામવાની કોઇપણ વિશેષતા હોય તો તે ખાસ કરીને એ જ છે કે એને જન્મતાંની સાથે જ સર્વ પાપપ્રણાશક નમસ્કાર મહામંત્રના અડસઠ અક્ષરો સાંભળવા મળે છે, જીવન દરમિયાન પ્રતિદિન અહોરાત્રીની અનેકવિધ આધ્યાત્મિક ચર્યા, વય અને યોગ્યતા પ્રમાણે સહજ રીતે પ્રાપ્ત થાય છે, તેમાંય જાગતાની સાથે નવકાર, દિવસમાં પણ અનેકવાર નવકાર, સૂતી વખતે પણ નવકાર અને મરણ વખતે છેલ્લા શ્વાસોચ્છવાસ પણ એ નવકારના શ્રવણ સાથે જ પૂરા થાય છે. જેના પ્રતાપે નિયમા દેવલોક અને જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી એ પુણ્યાત્માને નરક અને તિર્યંચગતિના દ્વાર સર્વથા બંધ થઇ જાય છે. જો જીવનમાં આ મહામંત્રનું ગૌરવભર્યું સ્થાન ન રહે તો બીજી અનેક ક્રિયાઓ કરવા છતાં, તેનો સાચો લાભ મળી શકતો નથી અગર એ ક્રિયાઓ નિષ્ફળ જાય એમ પણ બને એમ મહાપુરુષો જણાવે છે.

સાધુ જીવનની શરૂઆત પણ એ જ મહામંત્રના સ્મરણથી જ થાય છે. દીક્ષિત થનારને ઉપાશ્રયમાં આવતાની સાથે જ સૌ પ્રથમ નમસ્કાર મહામંત્રની એક માળા ગણવાની શાસ્ત્રીય પ્રણાલિકા છે. જે આજે પણ ચાલુ જ છે. સાધુને પોતાની પ્રતિદિન સામાચારીમાં પણ પ્રાતઃકાળથી માંડી શયન કરે ત્યાં સુધી એક જ દિવસમાં એ મહામંત્રનું સ્મરણ અનેકવાર વ્યવસ્થિતપણે ગોઠવાયેલું છે. સાધુને અંતિમ સમયે પણ પછી તે ચૌદપૂર્વી પણ કાં ન હોય-એ જ મહામંત્ર યાદ કરવાનો યા તો સાંભળવાનો હોય છે. સાધુ લાંબા કાળ સુધી તપશ્ચર્યા કરે, સુંદર ચારિત્ર પાળે અને ઘણાં શાસ્ત્રો ભણી જાય, પણ જો તેને નવકારને વિશે રતિ-પ્રેમ ન હોય તો તે સઘળું ય નિષ્ફળ છે.

આ ઉપરથી એ ફલિત થાય છે કે, શ્રાવક અને સાધુજીવનમાં શ્રી નમસ્કાર મહામંત્રનું એક ન ભૂલાય તેવું અતિ મહત્વનું સ્થાન છે. કદાચ એક અપેક્ષાએ એમ પણ કહી શકાય કે-બીજા બધાય કરતાં એનો લાભ મહાન છે, કારણ કે એ મહામંત્રના સ્વાધ્યાયથી અપેક્ષાએ ચૌદપૂર્વના સ્વાધ્યાયનો લાભ થાય છે. કેમકે એ મહામંત્ર ચૌદપૂર્વનો અર્થ અથવા સાર છે. એ મહાન લાભ પ્રાપ્ત કરવા માટે શરત એટલી જ છે કે-(૧) એ શ્રી નમસ્કાર મહામંત્ર ચૌદપૂર્વનો સાર છે એવી શ્રદ્ધાપૂર્વક ગણાવો જોઇએ. (૨) પોતપોતાની ભૂમિકાના પ્રત્યેક અનુષ્ઠાનની આરાધના ચૂક્યા વિના ગણાવો જોઇએ. (૩) નિશ્ચિત સમયે ગણાવો જોઇએ. (૪) એકાગ્રતાપૂર્વક ગણાવો જોઇએ. (૫) શાસ્ત્રીય વિધિના આદર-બહુમાનપૂર્વક ગણાવો જોઇએ. (૬) મોક્ષ પ્રાપ્તિ માટે જ ગણાવો જોઇએ.

આ મહામંત્રના ધારક આરાધક કે સાધક ભાગ્યશાળીઓ નીચેની વસ્તુ ઉપર ધ્યાન આપશે તો આ લેખનો આશય સહેલાઇથી સમજાઇ જશે. નમસ્કાર-મહામંત્રની આરાધનાના વિષયમાં પદાર્થ, વાક્યાર્થ, મહાવાક્યાર્થ અને ઐદમ્પર્યાયાર્થ

**भोअणसमये सयणे, विबोहणेपवेसणे भये वसणे ।**
**पंच नमुक्कारं खलु समरिज्जा सव्वकालं पि ।।१।।**

**(૧) પદાર્થ :** ભોજન વખતે, સૂતી વખતે, જાગતાં, પ્રવેશ કરતાં, ભયમાં, કષ્ટમાં-યાવત્ સર્વકાલે પંચ પરમેષ્ઠી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું જોઇએ.

**(૨) વાક્યાર્થ :** ઉપરના શ્લોક-સર્વકાલે નમસ્કાર મહામંત્રના સ્મરણનું વિધાન કરવાથી સ્વાધ્યાય, પ્રતિલેખના, વૈયાવચ્ચ આદિ અને દર્શન, પૂજન, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ આદિ સાધુ તથા શ્રાવકના અનુષ્ઠાનો નહિ થઇ શકે, કે જે તે તે સમયે અવશ્ય કર્તવ્યરૂપ છે અને તે તે સમયે અવશ્ય કર્તવ્યરૂપ અનુષ્ઠાનો કરશે તો ઉપર્યુક્ત શ્લોકમાં સર્વકાલ નમસ્કાર-સ્મરણના વિધાનનું પાલન નહિ થઇ શકે, તેથી ઉપરના શ્લોકમાં જણાવેલ સર્વકાલે નમસ્કાર સ્મરણનું વિધાન અયુક્ત કરશે.

**(૩) મહાવાક્યાર્થ :** ઉપર્યુક્ત સર્વકાલે નમસ્કાર મહામંત્ર સ્મરણના વિધાનનો એ અર્થ નથી કે-અવશ્ય કર્તવ્યરૂપ સ્વાધ્યાયાદિ અને દર્શન પૂજન આદિ સાધુ અને શ્રાવકના સર્વ અનુષ્ઠાનોને તજી દઇને સર્વકાલે ફક્ત નમસ્કાર-મહામંત્રનું જ સ્મરણ કરવું, કિન્તુ તે તે સમયે વિહિત અનુષ્ઠાનો કરવાપૂર્વક બાકીના સમુચિત સમયમાં અવશ્ય નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું એવો અર્થ છે. તેથી તે તે સમયે અવશ્ય કર્તવ્યરૂપ અનુષ્ઠાનો કરતી વખતે નમસ્કાર મહામંત્રનું સ્મરણ બંધ રહે-તે દોષરૂપ નથી પરંતુ તે સિવાયના સમુચિત સમયમાં પણ તે મહામંત્રનું સ્મરણ ચૂકી જવાય અને પ્રમાદમાં પડી જવાય તે દોષરૂપ છે. આ અંગે ઉપદેશપદ શ્લોક-૮૯૭ની ટીકામાં જણાવ્યું છે કે-

**श्रमणोपासकानां शेषविहितानुष्ठानाबाधया ।**
**समुचितसमये युक्तमेव नमस्कारादिध्यानमिति ।।**

ભાવાર્થ-શ્રાવકોએ સઘળાય વિહિત અનુષ્ઠાનને બાધ ન પહોંચે તે રીતે યોગ્ય સમયે નમસ્કારાદિનું ધ્યાન (અવશ્ય) કરવું જોઇએ અને એ યોગ્ય જ છે.

**(૪) ઐદમ્પર્યાયાર્થ :** આ પ્રમાણે સર્વત્ર જિનાજ્ઞાને બાધ ન પહોંચે તે રીતે વર્તવું એ જ એક સાર છે-ઉપાદેય છે. આ ઐદમ્પર્યાયાર્થ છે. **'अइदंपज्जं आणा धम्मंमि सारो त्ति'** (ઉપદેશપદ-ગાથા ૮૬૮). ☐☐☐



# શ્રી અરિહંત પરમાત્માની ભક્તિ

## પૂ.મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ સાહેબ

પૂર્વના અનેક મહર્ષિઓએ ભક્તિ વિષે ઘણું ઘણું લખ્યું છે. ભક્તિની અનેક વ્યાખ્યાઓ છે અને અનેક પ્રકારો છે.

ભક્તિમાં સૌથી પ્રથમ મહત્ત્વની વસ્તુ ઉપાસ્ય છે. આપણી ઉપાસનામાં ઉપાસ્ય કોને બનાવવા, એ પ્રશ્ન બહુ જ મહત્વનો છે. ઉપાસ્યમાં એવી અદ્‌ભુત શક્તિ હોય છે કે ઉપાસના દ્વારા તે ઉપાસકને આત્મતૂલ્ય બનાવે છે. તેથી આ જગતમાં સૌથી જે શ્રેષ્ઠ હોય, તેને જ આપણે ઉપાસ્ય બનાવવા જોઇએ. અને તે છે શ્રી અરિહંત પરમાત્મા. એમનાથી શ્રેષ્ઠ ઉપાસ્ય ત્રણે કાળમાં અસંભવિત છે.

શાસ્ત્રકાર મહર્ષિઓ જેમાં વીતરાગપણું અને સર્વજ્ઞપણું હોય તેને ઉપાસ્ય કહે છે. આમ તો સર્વ પરમેષ્ઠી ભગવંતો ઉપાસ્ય છે અને તેઓ કઇ કઇ દૃષ્ટિએ ઉપાસ્ય છે. એ વિષયને આપણે અત્યારે નહીં સ્પર્શીએ. અત્યારે તો એટલું જ દઢ કરવાનું છે કે સર્વ વીતરાગ અને સર્વજ્ઞ ભગવંતોમાં શિરોમણિભૂત એવા શ્રી અરિહંત પરમાત્મા જ ઉપાસ્યતમ છે. અનાદિ અનંત આ વિશ્વ તરફ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં આ વિશ્વનું પ્રયોજન જ સર્વ જીવોને પરમ સુખમય ધામ તરફ લઇ જવાનું હોય એમ લાગે છે એ પ્રયોજનની સિદ્ધિ શ્રી તીર્થંકર નામકર્મની પ્રકૃતિ દ્વારા થાય છે. એ કર્મ પ્રકૃતિના પ્રભાવથી જ શ્રી તીર્થંકર ભગવંતોને વાણી આદિના અનેક અતિશયો પ્રાપ્ત થાય છે.

તે દ્વારા ધર્મતીર્થનું પ્રવર્તન થાય છે અને તેની સહાય લઇને અનેક જીવો પરમધામ તરફ પ્રયાણ કરતા થઇ જાય છે. એ દૃષ્ટિએ વિચારતાં, શ્રી તીર્થંકર નામકર્મની પ્રકૃતિને મોક્ષમાર્ગની માતા કહી શકાય અને શ્રી તીર્થંકર પરમાત્માને મોક્ષમાર્ગના પિતા કહી શકાય. અથવા વધુ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચારતાં શ્રી તીર્થંકર નામ કર્મના બંધ તરફ દૃષ્ટિ જાય છે.

એ કર્મપ્રકૃતિની નિકાચના વખતે શ્રી તીર્થંકર ભગવંતોના આત્મામાં જે કરુણાભાવ હોય છે, તેનું જ સર્જન આ તીર્થંકરનામ છે. તેથી શ્રી તીર્થંકર નામકર્મરૂપ માતાની પણ માતા કરુણાભાવના છે તેથી સર્વ જીવોના મોક્ષમાર્ગનું આદિમ બીજ શ્રી તીર્થંકર ભગવંતોની કરુણામાં રહેલું છે, એમ સ્પષ્ટ થાય છે. તાત્પર્ય એ છે કે આ બધા કાર્યમાં શ્રી તીર્થંકર ભગવંતનો આત્મા મુખ્ય ભાગ ભજવે છે, તેમનાથી જ સર્વ જીવોના અભ્યુદય અને નિઃશ્રેયસનો માર્ગ આ જગતમાં પર્વર્તે છે અને તેથી જ તેઓશ્રી ઉપાસ્યતમ છે.

પ્રત્યેક આત્માના મોક્ષમાં પુણ્યનું ઉપાર્જન, સંવર અને નિર્જરા એ તત્ત્વો મુખ્ય ભાગ ભજવે છે. જો આ જગતમાં શ્રી તીર્થંકર પરમાત્મા જ ન હોત, તો પુણ્યોપાર્જન, સંવર અને નિર્જરાનો માર્ગ કોણ બતાવત? એ માર્ગ જ ન હોત તો કોઇનો પણ મોક્ષ કેવી રીતે થાત? એ દૃષ્ટિએ પણ શ્રી તીર્થંકર પરમાત્મા ઉપાસ્યતમ છે.

હવે પ્રશ્ન એ છે કે એ ઉપાસ્યતમની ભક્તિ કેવી રીતે થાય? તે પૂર્વે આપણે ભક્તિના સ્વરૂપને સંક્ષેપમાં વિચારીશું.

એક સ્થળે ભક્તિની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે 'માહાત્મ્યજ્ઞાન દ્વારા ઇષ્ટદેવ પ્રત્યે સર્વ કરતાં અધિક સુદઢ સ્નેહ થવો તેનું નામ ભક્તિ છે.'

સર્વ પ્રથમ શ્રીઅરિહંત પરમાત્માનું સર્વાતિશાયિ મહાત્મ્ય આપણા હૃદયમાં અત્યંત દઢ થવું જોઇએ. એ થયા પછી તેમના પર તાત્ત્વિક પ્રેમ જાગે છે અને તેથી ભક્તિની પ્રાપ્તિ સહજ થાય છે.

## ઉપહાર

ભરત નૃપ ઇલાચી જીરણ શ્રેષ્ઠિ ભાવે,
વળી વલકલચીરી કેવળજ્ઞાન પાવે,
હલધર હરિણો જ્યું પંચમે સ્વર્ગ જાવે,
ઇહજ ગુણ પસાએ તાસ નિસ્તાર થાવે...૨

**સૂક્તમુક્તાવલી ધર્મવર્ગ ગાથા-૪૬**

**અર્થ :** ભાવનાના પ્રભાવે, ભરત ચક્રવર્તી અને ઇલાચીકુમાર કેવળ-જ્ઞાન પામ્યા તથા જીરણ શેઠે ભાવનાના બળથી સ્વર્ગીય સુખને પ્રાપ્ત કર્યું. વલકલચીરીએ ભાવનાના બળથી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તથા બળભદ્રમુનિ, રથકાર અને હરિણ પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયા. એ રીતે ભાવનાના પ્રભાવથી અનેક જીવોનો નિસ્તાર થયો છે અને ભવિષ્યમાં થશે.

□□□

## શ્રી નમિનાથજી તીર્થે નવકાર જાપ સાથે શ્રી ગજલક્ષ્મીજીના પૂજનનો મહાલાભ

પાયધુની મધ્યે શ્રી નમિનાથ જિનાલયે રવિવાર, તા. ૨૯-૦૯-૨૦૧૩ અને રવિવાર, તા. ૨૭-૧૦-૨૦૧૩ના નવકારોપાસક **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**ના નવકાર જાપ સવારના સાત વાગ્યે છે. આ બંને દિવસે જાપના સમયે જ પુષ્ય નક્ષત્ર આવે છે. તેથી **પૂ. શ્રી 'રાહી' સાહેબ** નવકાર જાપની સાથે શ્રી ગજલક્ષ્મી માતાનું પૂજન પણ કરાવશે. આરાધકોએ ચાંદીનો લક્ષ્મીજીનો સિક્કો, વાસક્ષેપ અને થાળી લઇને આ જાપમાં પધારવું. અને મહાન એવા આ શ્રી ગજલક્ષ્મી માતાના પૂજનનો લાભ લેવો.

**માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર**



# શ્રી નવકારનો ભાવ

## મફતલાલ સંઘવી

શ્રી નવકારમાં ત્રિભુવનનું તેજ છે, સર્વ કલ્યાણનું પરમ સંગીત છે, વિશ્વ-હૃદયનું અણમોલ ગીત છે, મનના કુછંદને નાથનારો મહાછંદ છે. જેવો તેનો જાપ શરૂ થાય છે કે તરત તેની અનેક ખૂબીઓ અનુભવવા મળે છે. તેને સાંભળવા માટે આખું વિશ્વ કાન માંડીને બેઠું હોય તેવું તે સમયે જણાય છે. વિશ્વ આખું શ્રી નવકાર-ઘેલું હોય તેવો ભાવ હૃદયને થાય છે.

અને તે ખરેખર સાચું છે. વાતાવરણ ઉપરની શ્રી નવકારની મજબૂત પકડ તેની સાખ પૂરે છે. શ્રી નવકારનો એક એક અક્ષર વાતાવરણમાં ખૂબ જ દૂર તેમજ ઊંડે સુધી આંદોલન ફેલાવે છે. તે જેટલા ઓછા સમયમાં વાતાવરણને સ્વમય બનાવી શકે છે તે જોઇ-જાણીને તેના વિશ્વપ્રભુત્વને સ્વાભાવિકપણે નમન થઇ જાય છે. કહો કે તેની અમાપ ભાવસત્તા સમક્ષ આપણામાં આસન જમાવીને બેઠેલો અહં એકવાર તો ગરદન ઝૂકાવી જ દે છે. જેવો બોલાય છે તેવો તે ઝીલાય છે અંદર તેમ જ બહાર. અને તે પણ કઇ રીતે? પૃથ્વીને સૂર્યનું પહેલું કિરણ સ્પર્શતું હોય તે રીતે, હવામાં સંગીતના સરસ સૂર ભળી જતા હોય તે રીતે, કોઇ જીવના હિતને કશી પણ હરકત પહોંચાડ્યા સિવાય, સહુના આત્મ-પ્રદેશને અજવાળાની લગન સાથે.

આવા શ્રી નવકારને ધારણ કરનારું મન, વિશ્વમન બને તેમાં કશું આશ્ચર્ય નથી. આવા શ્રી નવકારને ધારણ કરનારા હૃદયમાં ત્રણ જગતના સર્વ જીવોના પરમ હિતનું સંગીત અહર્નિશ ગૂંજતું રહે તે સ્વાભાવિક છે. મજબૂત મન અને શ્રી નવકારનો સુયોગ અતિ દુર્લભ છે. આવો અનુપમ યોગ થયા પછી ભવ માર્ગમાં ભૂલા પડાય, કેવળ સ્વાર્થના કાંટાળા માર્ગ ઉપર ચાલવાનો ભાવ થાય, શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞા પાછળ રહી જાય એ અત્યંત શોચનીય હકીકત ગણાય. વનરાજ ઘાસમાં મોં ન ઘાલે, તેમ જનરાજ (જૈન) ઘાસ સરખા સ્વાર્થ સામે લમણો વાળતાં પણ શરમાય, એવો વિચાર તેના ભાવને જબ્બર આંચકો આપે.

પ્રભુજીના શાસનનો છેલ્લા પચીસો વર્ષનો ઇતિહાસ પણ વાતની સાખ પૂરે છે. ત્રિભુવનમણિ શા નવકારને નમનારું મન, શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને પોતાના આવાસમાં ભાવથી પધરાવનારું મન, જ્યારે ક્ષુદ્ર સ્વાર્થને સલામ કરવા પ્રેરાય, એકલપેટા અહંને આલિંગવા માટે અર્ધું અર્ધું થઇ જાય ત્યારે તે મનનો શ્રી નવકાર સાથેનો સંબંધ ક્યા પ્રકારનો ગણાય? ઔપચારિક કે ભીતરનો? આપની ડૂંટીમાં છે શું? અનંત સંસાર વધારનારી વાસનાઓના ગોટા કે ત્રિભુવનને અજવાળનારી ભાવનાનો ઉજાસ? આ બેમાંથી કોની સોબતમાં આપણને વધુ ફાવે છે. તેનો પાકો નિર્ણય આપણે અનંત ઉપકારી શ્રી જિનેશ્વર ભગવાનની આજ્ઞાની સાખે કરવો જોઇએ.

આપણું હૈયું કહે છે કે આપણે ઊંચે જવાને બદલે નીચે ગયા છીએ. આપણા પરિણામમાં ચોર પેસી ગયા છે. શ્રી નવકાર સરખા પૂજ્યતમ મહામંત્ર સાથે રમત કરતા મનને આજ આપણે અટકાવી શકતા નથી. શ્રી જિનેશ્વર ભગવાનની ભક્તિમાં ભવનો નાશ કરવાની ઊંચામાં ઊંચી શક્તિ છે એ હકીકતને પણ આપણે બુદ્ધિના ગજ વડે માપવાનો પ્રયત્ન કરીએ છીએ. ભવ (સ્વાર્થ)ને જરા પણ ઘસારો ન પહોંચે તેવી આરાધનાનો પક્ષ હજી પણ આપણને ગમે છે. ભવને ભેટવા જતાં આપણા ભાવમાં જે ઉલ્લાસ હોય છે તે ઉલ્લાસ શ્રી નવકારને ભેટવા જતી વખતે મંદ કેમ પડી જાય છે? મતલબ કે આપણું હૈયું શ્રી નવકારને અર્પવાની આપણી તૈયારી નથી. તેને આવવું હોય તો ભલે આવે ને આંગણામાં આંટા-ફેરા મારે.

ઉપકારી ભગવંતો ફરમાવે છે કે આપણા સઘળા પ્રાણોનો પૂરો નમસ્કાર, શ્રી નવકારને નથી પહોંચતો ત્યાં સુધી તે પ્રાણોમાં પચી ગયેલું અહંકારરૂપી વિષ બરાબર નીચોવાઇને બહાર નથી નીકળી શકતું. ભીના કપડાનો પૂરો નમસ્કાર (નીચોવવાની ક્રિયા) તેનામાં ભળી ગયેલા પરદ્રવ્ય રૂપી જળથી તેને સર્વથા સ્વતંત્ર બનાવે છે, તેમ શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોને પૂરા ભાવપૂર્વક થતો નમસ્કાર આત્માના સ્વભાવને સારી રીતે પ્રગટ કરે છે. પરભાવ અને દુર્ભાવ એ જ જાણે આપણો સ્વભાવ ન હોય એવી વૃત્તિ અને પ્રવૃત્તિની પકડ આપણને સાલતી નથી. જીવતત્ત્વ કરતાં પણ અધિક ભાવ, જડ (અજીવ તત્ત્વ)ને આપવાની વૃત્તિ. આપણો સ્વભાવ કથળ્યાની નિશાની છે. શ્રી નવકાર તે સ્વભાવને સારી રીતે પ્રગટ કરી શકે તેમ છે. આજે આપણા પ્રાણો ઉપર તેની અસર બહુ જ ઓછી હોવાને કારણે, પરભાવ અને દુર્ભાવ આપણને પજવી શકે છે, નચવી શકે છે. શ્રી નવકારના ભાવસાગરમાં ડૂબકી મારતાં વેંત આપણી સુરત બદલાઇ જાય છે. આપણા આત્માની શક્તિ અધિક સક્રિય બનવા માંડે છે. આત્મતત્ત્વને વારંવાર અભિવાદન કરવાની વૃત્તિ સ્વાભાવિક બનતી જાય છે. શ્રી પંચ પરમેષ્ઠી ભગવંતોના સ્મરણ સિવાય ઘડીવાર પણ ચેન પડતું નથી, વિહરમાન શ્રી તીર્થંકર ભગવંતોની દિશામાં જ મોં રાખીને બેસવાનો ભાવ રહ્યા કરે છે. આખા જગતને વારંવાર યાદ કરવા માટે **'શિવમસ્તુ સર્વ જગતઃ'** ને વારંવાર ભાવ આપવો પડે છે. મૈત્રીભાવને ઉછેરવા માટે **'ખામેમિ સવ્વ જીવે'**ના શ્લોકને ઊંચા આદરપૂર્વક આમંત્રવો પડે છે. શ્રી નવકારને પામનારો પુણ્યશાળી આત્મા, શ્રી નવકારથી અધિક ભાવ બીજા કશાને ન આપી શકે, શ્રી નવકાર પ્રત્યેનો તેનો પૂજ્યભાવ અજોડ હોય, અનુપમ હોય. શ્રી નવકાર પ્રત્યેના સો ટચના આદર સિવાય સંસાર જરૂર આપણા આત્મભાવને અભડાવી જશે. ભવની મીઠી લાગતી વાતો જરૂર આપણા પ્રાણોને ભોળવી જશે.

કોઇ ભાઇને લોટરીમાં લાખ રૂપિયા મળે છે, તો તે વાત આખા પરગણામાં વાયુવેગે પ્રસરી જાય છે તો આપણને મહામંત્ર શ્રી નવકાર મળ્યો છે તે વાત લોક આખામાં શા માટે ન ફેલાઇ જવી જોઇએ? શ્રી તીર્થંકર પરમાત્માના જન્મની જાણ ત્રણ જગતના સર્વ જીવોને અલ્પ સમયમાં થઇ જતી હોય છે તે હકીકત તેઓશ્રીના દાસની શ્રી નવકારની આરાધનાની અસર જગતના જીવોના હિતમાં જરૂર સહાયભૂત થાય તેનું સમર્થન કરે છે. શ્રી નવકાર પ્રત્યેના આપણા હૃદયના સાચા ભાવ સિવાય ભવ પ્રત્યેનો આપણો ભાવ નહિ ઘટે, જગતના સર્વ જીવો પ્રત્યેનો આપણો ભાવ નહિ વધે અને દેવદુર્લભ માનવભવને સર્વથા યોગ્ય કર્તવ્યથી આપણે વંચિત રહી જઇશું. સાચા હૃદયથી શ્રી નવકારનો ભાવ પૂછનાર આત્મા સ્વાભાવિકપણે ત્રિભુવનના વિવેકી આત્માઓના પૂજ્યભાવનો અધિકારી બની જાય છે. તેને તેના માટે કોઇ બાહ્ય પ્રયત્ન કરવો પડતો નથી. આપણે સહુ પણ બહિર્ભાવને છોડીને શ્રી નવકારના ભાવના દર્શન કરવાને પ્રયત્નશીલ બનીએ.

□□□



# બાર નવકાર ગણવાનું શા માટે ?

બાર નવકાર શા માટે? એ પ્રશ્નનો ઉત્તર છે કે- બાર જ નવકાર ગણવા એવો એકાંત નથી. ૧૦૮ ગણાય તો શ્રેષ્ઠ છે, કારણ કે પરમેષ્ઠીઓના ગુણો (૧૨+૮+૩૬+૨૫+૨૭)=૧૦૮ છે. એટલા ગણવાની અનુકૂળતા ન હોય તો ૧૨ નવકાર ગણવાથી ૧૦૮ પદોની સંખ્યા વડે પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણોની આરાધના થાય છે. ૧૦૮માં ૧+૮=નો આંક અભંગ છે, એ રીતે પણ ૧૦૮ની સંખ્યાનું મહત્ત્વ છે. નવકારવાળીમાં મણકા પણ ૧૦૮ હોય છે, એમ ૧૦૮ની સંખ્યાને ઉદ્દેશીને જેઓ ૧૦૮ ન ગણી શકે તેઓ બાર ગણે તો પણ ૧૦૮ પદો ગણાય એ પણ ઉદ્દેશ છે. શાસ્ત્રમાં નવકાર ગણવાનું વિધાન તો ઠેર ઠેર છે જ.

નંદિની ક્રિયા પ્રસંગે ચારે દિશામાં ત્રણ નવકાર ગણવાનું વિધાન પણ બારની સંખ્યા બતાવે છે. વળી ૩-૯-૧૨ આદિ સંખ્યા મંગળભૂત છે. કારણ કે ત્રણથી દેવાદિ ત્રણ તત્ત્વરૂપે અગર જ્ઞાનાદિ ત્રણ ગુણરૂપે, નવથી નવપદજીના નવપદ રૂપે, બારથી અરિહંતના બાર ગુણ રૂપે - અરિહંતનું સ્મરણ થાય છે. કોઇપણ આરાધનાની પાછળ શાસ્ત્ર અબાધિત હિતકર અપેક્ષા લક્ષ્યમાં લઇને આરાધના કરવી એ શાસ્ત્રોક્ત છે. દેશ, કાળ, પુરુષ અને પર્ષદાને અનુરૂપ ધર્મવૃદ્ધિ થાય, તે રીતે કોઇ પણ વિષયનું કથન કરવાની છૂટ છે. વ્યાખ્યાનને અંતે કેટલાક 'उपसर्गाः क्षयं यान्ति' કહે છે, કેટલાક 'सर्वमंगल' સૌને સાથે બોલાવે છે, તેમ અધિક મંગલ માટે અથવા વ્યાખ્યાનમાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિવર્ધક ઉપદેશ સંભળાવ્યો, તેની સ્થિરતા માટે સામૂહિક બાર નવકારનો જાપ થાય, તો તેમાં વ્યાખ્યાનની વિહિત વિધિમાં કોઇ ભંગ થતો નથી.

વળી તે પ્રમાણે બધા સાધુઓએ કરવું જ એવું વિધાન પણ કરાતું નથી. શ્રોતાની યોગ્યતાનો ખ્યાલ રાખી સૌ સૌની અભિરુચિ અને ક્ષયોપશમ પ્રમાણે સૌ ઉપદેશ આપે છે, કોઇ દાન ઉપર, કોઇ શીલ ઉપર, કોઇ તપ ઉપર, કોઇ ભક્તિ ઉપર, એમ ઉપદેશ આપ્યા પછી તેની સ્થિરતા માટે નવકાર ગણવાથી વધુ શાંતિ, વધુ સ્થિરતા, વધુ ભાવિતતા પ્રાપ્ત થાય છે અને તે ઘણાને અનુભવ સિદ્ધ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે-

'पंचनमुक्कारं खलु, सुमरिज्जा सवक्कालंपि।'

આ વિધાનનું પણ આંશિક પાલન થાય છે. સમૂહ સાથે જે વખતે વ્યાખ્યાન સાંભળીને સર્વનાં ચિત્ત શુદ્ધ થયાં છે, તે વખતે નવકાર ગણવાના પરિણામે ભક્તિ અને વીર્યોલ્લાસ વધવા સાથે ઘણો લાભ થવાની શક્યતા છે. પૂ. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે- **'શુભવીર્ય તિહાં સુવિહિત કિરિયા દેખા દેખે વાધે રે'** પંચ પરમેષ્ઠી સ્મરણાદિ સુવિહિત ક્રિયામાં મંદ પડેલો ઉલ્લાસ, બધાને સાથે ગણતાં દેખીને વૃદ્ધિ પામે છે. શ્રી જૈન સંઘમાં નવકારનું સ્થાન અતિ ગૌરવવાળું છે. માટે જ પ્રત્યેક કાર્યની શરૂઆતમાં, મધ્યમાં કે અંતમાં નવકાર ગણવાનું વિધાન છે. વ્યાખ્યાનનો પ્રારંભ જેમ નવકારથી થાય છે, તેમ તેનો અંત પણ નવકાર ગણવાપૂર્વક કરવામાં આવે, તો તે મંગળની વૃદ્ધિ માટે જ થાય છે. મોટા અનુષ્ઠાનો અને મહાપૂજાઓમાં શાંતિ અર્થે અને સંઘની સમાધિ માટે નવસ્મરણ, ઋષિમંડળ આદિસ્તોત્રો વડે પરાપૂર્વથી મંગળ કરવાનો રિવાજ ચાલુ છે અને એવી જરૂર દેખાય તો સંઘની શાંતિ અને સમાધિ માટે આથી પણ વધુ મંગળ કરી શકાય છે.

**('ધર્મ-અનુપ્રેક્ષા'માંથી)**

## આર્થિક રીતે નબળા વૃદ્ધ સાધર્મિકો જોગ

આર્થિક તાણને કારણે તેમજ એકાંકી જીવનના કારણે જમવા વગેરેની તકલીફ હોય તથા વિકલાંગતાને કારણે રસોઇ આદિ ન થઇ શકતી હોય તો આપની નજીકની ભોજનશાળા અથવા અન્ય ઘરગથ્થુ ટિફિન આપના નિવાસસ્થાને મળી રહે એવી સગવડ હોય તો વિના સંકોચે અમને જાણ કરવા વિનંતી છે. આપશ્રીનું નામ તદ્દન ગુપ્ત રહેશે. આપશ્રીને શક્ય સહાય કરવા અમે પ્રયત્નશીલ રહીશું. આપશ્રીનો વિગતવાર પત્ર અમને નીચેના સરનામે પાઠવવા વિનંતી છે. **સુજ્ઞ વાચકોને વિનંતી છે કે આપના ધ્યાનમાં કોઇ ઉપરોક્ત પ્રકારના જરૂરતમંદ સાધર્મિક હોય તો તેની અમને જાણ કરવા વિનંતી છે.**

**શ્રી જયંતભાઇ 'રાહી'**
**શ્રીપાળ ફ્લેટ નં. ૪, છાયા સોસાયટી, ચેમ્બુર નાકા,**
**એસ.ટી. રોડ, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.**
**ફોન: (૦૨૨) ૨૫૨૨૯૯૫૮.**



# નવકાર મંત્રનો પ્રચંડ પ્રભાવ

સંકલન : હંસા રમેશ મહેતા (નવી મુંબઈ)

## નમસ્કારરૂપી જનનીના ચરણે

એક સાધક

પ્રગટપ્રભાવી શ્રી પંચ પરમેષ્ઠીરૂપી મહામંત્ર નવકારનો શ્રદ્ધાપૂર્વક જાપ કરનાર મહાનુભાવોના ચરણકમળમાં નમસ્કાર કરીને, મારા જીવનમાં પ્રાપ્ત થયેલા મારા પોતાના અનુભવો પૈકીનો તાજેતરમાં મરણાંત કષ્ટમાંથી હું કેવી રીતે બચ્યો, તેનું ટૂંક વર્ણન સાદર રજૂ કરું છું.

છેલ્લા પાંચ વર્ષથી મેં મારી જાતને નમસ્કારરૂપી જનનીના ચરણે ધરી દીધી છે. હમેશાં મોટા ભાગે રાત્રિના બેથી સવારના આઠ સુધી મૌન અને નમસ્કાર મહામંત્રનું ગુણન અને મનન કરવાની મારા પૂર્વકર્મના પુણ્યોદયે મને ટેવ પડી ગઈ છે, કહોને કે તે વિના મને ચેન પડતું નથી.

**મરણાંત કષ્ટ :** આ પ્રમાણે ગણતાં ગણતાં કોઈ પણ જાતની વિશિષ્ટ પ્રકારની ક્રિયા (ધૂપ, દીપ, આસન વિના) લગભગ પંચાણુ લાખ ઉપર નમસ્કાર મહામંત્રનો જાપ સંપૂર્ણ થયા પછી એકાએક, સંવત ૨૦૧૭ વદ ૧૦ને શુક્રવારના રોજ રાતના સાડા દશ વાગે હું મારા મકાનમાં સૂતો હતો ને લઘુશંકા કરવા ઉઠ્યો કે તુરત જ મારા આખા શરીરમાં ઝેર વ્યાપીને શરીર કાળું શ્યામ પડી ગયું, આંખો લાલઘૂમ થઈ ગઈ, મોંનો ચહેરો ન ઓળખાય તેવો થઈ ગયો, મારી ગુહ્યેંદ્રિયની થેલીનો ભાગ સૂજીને મોટો દડો (લગભગ બશેર જેટલો) થઈ ગયો અને ડાબો પગ સૂજી ગયો.

મને માલુમ પડી ગયું કે આખા શરીરે સંપૂર્ણપણે ઝેર વ્યાપી ગયું છે, 'હવે શું કરવું? મને જનમ આપનારી માતા તો પાંચ વર્ષનો મૂકીને સ્વર્ગે સીધાવી છે, ઘરમાં મારી પાસે જ ધર્મપત્ની, મારી પાંચ દીકરીઓ તથા પાંચ વર્ષનો મારો નાનો પુત્ર સૂતેલાં છે. જો આ વાત ઘરમાં જાહેર કરું તો તરત જ દોડાદોડ અને રોકકળ શરૂ થઈ જશે અને ડૉક્ટરને બોલાવવામાં આવશે. ડૉક્ટર આવીને મને હૉસ્પિટલમાં લઈ જવાની સલાહ આપશે. મારો રોજનો નમસ્કાર મહામંત્ર ગણવાનો સમય ચૂકી જવાશે.'

આ પ્રમાણે વિચારોની ઘટમાળ શરૂ થતાં મને એક શુભ વિચાર સ્ફુરી આવ્યો કે, તું તારી જાતને નમસ્કારરૂપી જનનીને નિશ્ચિંત પણે સોંપી દે. જે માતાએ તારું આજ સુધી જતન કર્યું છે, જે માતાએ તને મૂર્ખમાંથી ડાહ્યો બનાવ્યો છે, જે જનનીએ તારું ચોવીશે કલાક રક્ષણ કર્યું છે, જે માતાએ તને અનેક રીતે સુખી બનાવ્યો છે, તેને જ તું સમર્પિત થઈ જા.

ખરેખર? આ વિચારો આવતાં જ કોઈ પણ જાતની હોહા કર્યા વગર મેં મારી જાતને નમસ્કારરૂપી જનની સોંપી દીધી. ડાબો પગ લગભગ ઢીંચણની નીચેથી પગની એડી સુધી સૂજી ગયો હતો. દુઃખાવો તો રાડ પડાવે તેવો હતો. ઘરના કોઈ પણ માણસને ખબર આપ્યા વિના, સૂતાં સૂતાં નમસ્કાર મહામંત્રનો જાપ શરૂ કરી દીધો. જાપ કરતાં કરતાં રાતના બરાબર બે વાગ્યા (મારો રોજના જાપનો સમય થયો).

**અદ્‌ભુત બચાવ :** ઘડીયાળમાં બે વાગ્યા તે સમયે, મારા ડાબા પગે સોજા આવેલા હતા અને કારમો દુઃખાવો થઈ રહ્યો હતો તે સમયે, મારા પગના દુઃખતા સાંધાઓ પૈકીના એક સાંધા ઉપર કોઈ અજ્ઞાત સ્ત્રી-શક્તિએ આવી ઊભા રહીને, કચકચાવીને પોતાના બંને પગ મૂક્યા કે તરત જ તે સાંધાનો દુઃખાવો બંધ પડી ગયો. હું ઝબકીને જાગી ગયો અને ચીસ પાડી ઉઠ્યો! આ શું? એમ વિચાર કરવા લાગ્યો. પાછો નમસ્કાર મહામંત્ર સૂતાં સૂતાં ગણવા લાગ્યો.

**બીજો બચાવ :** પછી તે જ રાતના ચાર વાગે ફરીથી મારા ડાબા પગના દુઃખાવાવાળા બીજા સાંધા ઉપર તે જ સ્ત્રીએ ફરીથી કચકચાવીને પગ મૂક્યો. હું મોટી ચીસ પાડી ઉઠ્યો. ઘરમાં બધાં જાગી ગયાં મને પૂછવા લાગ્યા કે શું થયું? મારે મૌન હોવાથી મેં નિશાની બતાવીને કહ્યું કે, કાંઈ નહીં. પાછો સૂઈ ગયો અને નમસ્કાર મહામંત્ર ગણવા લાગ્યો.

**ત્રીજો બચાવ :** બીજા દિવસે સવારમાં આઠ વાગે મૌન પૂરું થયા પછી, મારી એક દીકરીને મારા મિત્ર વૈદ્ય રમણભાઈ રસવૈદ્યને બોલાવવા મોકલી. તેમને મેં બધી વાત કહી. તેમણે મારા હૃદયને ઝેરથી બચાવી લેવા કસ્તુરી, ચંદ્રોદય અને જયમંગલ રસ દવામાં આપવા શરૂ કર્યા. મીઠું ખાવાનું બંધ કરાવ્યું, માત્ર મગનું પાણી પીવાની છૂટ આપી. મારા શરીરમાં વેદનાનો પાર ન હતો, નમસ્કાર મહામંત્ર ગણવાનું તો ચાલુ જ હતું. નમસ્કાર મહામંત્ર ગણતાં ગણતાં ઊંઘી ગયો હતો. હું જ્યારે ઘસઘસાટ ઉંઘ લઈ રહ્યો હતો, તે વખતે બપોરના ૧૧-૫૫ મિનિટે, મારા પગના દુઃખાવાવાળા ત્રીજા સાંધા ઉપર પાછો કચકચાવીને પગ

મૂક્યો. હું જાગી ઉઠ્યો અને આશ્ચર્યમુગ્ધ થઇ ગયો. આ લેખ લખું છું તે વખતે પણ મારા ડાબા પગે ઑપરેશન કરાવેલું છે અને પાટો બાંધેલો છે. આ પ્રમાણે મારા પગના જે જે સાંધાઓ ઉપર તે સ્ત્રી-શક્તિ દ્વારા પગ મૂકીને દુઃખાવો બંધ કરવામાં આવ્યો તે તે સાંધાઓમાં આજે પણ દુઃખાવો થતો નથી.

**દિવ્ય વાણી :** આસો વદી ૧૧ની રાત્રે (એટલે વદી ૧૨ના) પરોઢીયે ચાર વાગે, નમસ્કાર મહામંત્ર ગણતાં ગણતાં, સૂતાં સૂતાં યોગનિદ્રામાં (સ્વપ્નમાં) એક અજાણ્યા રસ્તા ઉપર હું ચાલ્યો જતો હતો. તે વખતે, પીળા અને લાલ રંગોવાળી સુંદર ડીઝાઇનવાળી સાડી અને લીલા કંચૂકી પહેરેલી એક દેવી આકાશમાંથી ઉતરીને, મારી સન્મુખ આવી ઉભી રહી.

તે દેવી બોલી કે : ''તેં તારા જ્ઞાન દ્વારા મારા મહિમાનો શુદ્ધબુદ્ધિએ જગતભરમાં પ્રચાર કર્યો છે, તું મારો જ્ઞાની ધર્મપુત્ર છે.'' એમ કહી મને છાતી સરસો ચાંપી દીધો. હું તો વિચારતો જ રહ્યો કે આ બધું શું થઇ રહ્યું છે?

મેં તેમને જવાબ આપ્યો કે : ''માતાજી! મેં તો જીવનભર પેટ ભરવાનું જ કામ કર્યું છે અને મેં ભક્તિરૂપી ફૂલો જ આપની સામે ધર્યા છે, મારું તે એવું શું ગજું કે હું આપને આકર્ષી શકું? આપની મારા ઉપર મહેરબાની છે એ જ બસ છે.'' એમ કહીને તેઓ કોણ છે? તેમ પૂછતાં જ દેવીશ્રી પોતાનો પરિચય આપ્યા વિના બોલ્યાં કેઃ ''તારા આ દુઃખમાંથી તું તાત્કાલિક મુક્ત થઇ જઇશ, કોઇ જાતની ચિંતા કરીશ નહીં, તારે હજુ ઘણી સાધના કરવાની બાકી છે.''

એમ કહીને અદશ્ય થઇ ગયાં.

**ચોથો બચાવ :** આસો વદી ૧૩ને સોમવારે સવારના ૧૦-૧૫ મિનિટે મારા ડાબા પગના દુઃખાવાવાળો સાંધાનો ભાગ કોઇએ કચકચાવીને બેસાડી દીધો. હું જાગી ગયો, જોઉં છું તો મારો ડાબો પગ ધ્રૂજતો હતો.

હું માનું છું કે મને નમસ્કાર મહામંત્ર ગણતો અટકાવવા માટે આ મારી અગ્નિપરીક્ષા હતી. આવો જ ઉપદ્રવ મને આજથી છવ્વીશ વર્ષ પહેલાં 'ઉપસર્ગહર સ્તોત્ર' ગણતાં અટકાવવા માટે થયો હતો આ વખતે મને આર્થિક સ્થિતિએ બેહાલ કરી દેવામાં આવ્યો હતો. આ વખતે મને એક કરોડ નવકાર ગણવાના મારા નિશ્ચયમાંથી ડગાવવા માટે મરણાંત કષ્ટ ઉપસ્થિત કરવામાં આવ્યું હતું.

પરંતુ હું તો 'कार्य साधयामि या देह पातयामि' ના નિશ્ચયવાળો હોવાથી આજે તો વિશેષ શ્રદ્ધાથી મહામંત્ર ગણી રહ્યો છું. હું માનું છું કે હવે મારો બાકીનો જાપ કોઇ પણ જાતના ઉપદ્રવ વિના સમાપ્ત થશે જ.

આ લેખ લખવાનો મારો આશય કોઇ પણ જાતની આત્મશ્લાઘાનો નથી. મારો આશય તો નમસ્કાર મહામંત્ર ગણનાર પુણ્યશાળી આત્માઓને કોઇ પણ જાતના ઉપદ્રવ વખતે તેની શ્રદ્ધામાંથી પાછા નહીં હઠવા માટે મારો અંગત અનુભવ દર્શાવવો યોગ્ય માનીને આ નાનો લેખ લખવા હું પ્રેરાયો છું. આ લેખ વાંચીને કોઇ પણ પુણ્યશાળી આત્મા નમસ્કાર મહામંત્ર ગણવા પ્રેરણા પામશે તો મારો પ્રયાસ હું સફળ માનીશ.

મારી ચાલુ માંદગીમાં જ મારા ડાબા પગના ઑપરેશન વખતનો મારો અનુભવ આપવા જતાં લેખ લાંબો થઇ જવાના કારણે તેમ જ વધુ આત્મશ્લાઘાની ડરથી આટલું જ લખવું ઉચિત માનું છું.

પ્રાંતે, આજે જે સાનુકૂળતા હું અનુભવી રહ્યો છું તે પણ નમસ્કાર મહામંત્રનો જ પ્રતાપ છે. પ્રતિકૂળતાઓને દૂર કરવામાં શ્રી નવકાર અજોડ હોવાની બાબતમાં મને મુદ્દલ સંદેહ નથી.

કોઇ પણ જાતની શાસ્ત્રીય વિધિ વિના માત્ર શુભ નિષ્ઠાપૂર્વક ગણવાથી જે મહામંત્રે મારો આવો બચાવ કર્યો, તેનો જો વિધિપૂર્વક શાસ્ત્રીય રીતે, શુદ્ધ વસ્ત્રો પહેરીને જાપ કરવામાં આવે તો તે, તેના જાપ કરનારનું શું ઇષ્ટ ના કરે? જે મહામંત્ર અંતે, મોક્ષસુખને આપનારો છે, તે ઇહ લૌકિક સુખ માટે ન ગણતાં અંતિમ લક્ષ (મોક્ષ) માટે જ ગણવો જોઇએ. એમ ગણતાં આ મહામંત્ર દરેક રીતે દરેક સમયે, તેની આરાધના કરનારનું મારી માફક જ રક્ષણ કરશે. જગતમાં એવો કોઇ પણ પદાર્થ વિદ્યમાન નથી કે, જે આ મહામંત્રના સાચા આરાધકથી દૂર રહી શકે! જરૂરિયાત છે માત્ર તેના પ્રત્યે નિષ્કામભાવે સમર્પિત થઇ જવાની તૈયારીની. એક વખત તમે તમારા આત્માને સમર્પિત કરી દો. પછી જુઓ તેનો પ્રભાવ.

આ લેખમાં કાંઇ પણ શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો તે માટે મિચ્છામિ દુક્કડં દઉં છું.

□□□

## મહામંત્રનો પ્રભાવ

સોમચંદ ડી. શાહ-પાલિતાણા

આ એક સાંભળેલી સત્ય ઘટના છે. હું સંવત ૨૦૧૭ના આસો મહિનામાં મુંબઇ ગયો તે વખતે શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડારવાળા શ્રી કુંવરજીભાઇએ મહામંત્રના પ્રભાવની હકીકત જણાવેલી તે હકીકતને જરા મઠારીને મારા શબ્દોમાં રજૂ કરું છું.

આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં શ્રી ખીમજીભાઇ હીરજી લોડાયા ધુલીયાથી પાચોરા યુરોપીયન એક્ઝામીનર સાથે ટાંગા (ઘોડાગાડી) માં જઇ રહ્યા હતા.

શ્રી ખીમજીભાઇ ગ્રેજ્યુએટ હતા અને પાચોરા સ્કૂલના હેડમાસ્તર હતા. રસ્તામાં યુરોપીયને હરણીયાનું ટોળું ગેલ કરતું જોયું. યુરોપીયનના મનમાં શિકાર કરવાની ઇચ્છા જાગી.

ઝટ દઇને રીવોલ્વર હાથમાં લીધી.

શ્રી ખીમજીભાઇ યુરોપીયનની બદદાનતને પારખી ગયા એટલે તુરત જ અંગ્રેજીમાં કહ્યું, સાહેબ! આ શું કરો છો?

યુરોપીયને પણ જણાવ્યું કે આ શિકાર કરવાનો આકસ્મિક મોકો

મળ્યો છે.

સાહેબ ! એ શિકાર કરવાથી મારા હૃદયને દુઃખ થશે અને હરણીયાંનો જાન જશે.

સાહેબ એમ કંઇ માને તેમ હતા નહિ, છતાં શ્રી ખીમજીભાઇએ ખૂબ આજીજી કરી કે નિરપરાધી જીવોનો શોખની ખાતર કે મોજ માણવા ખાતર રીવોલ્વરની ગોળીથી સંહાર કરવો એ કોઇ રીતે આપને શોભતું નથી તેમ જ આ હિંસાને મારી નજર સમક્ષ હું જોઇ શકીશ નહિ.

પણ ખીમજીભાઇએ જોયું કે આ સાહેબ કેમે કરી માને તેમ નથી એટલે તેમણે છેવટે મહામંત્રનો આશરો લેવા એકદમ ઘોડાગાડીમાંથી કુદી પડી રસ્તામાં જ કાઉસ્સગરૂપે મહામંત્ર શ્રી નવકારનું સ્મરણ કરવા લાગ્યા. શાસનદેવને પ્રાર્થના કરી કે આ જીવો બચી જવા જોઇએ અને મારી લાજ રહેવી જોઇએ.

શ્રી ખીમજીભાઇને અતૂટ શ્રદ્ધા હતી. આંખો મીંચી મહામંત્રનું સ્મરણ કરી રહ્યા હતા ત્યારે યુરોપીયને લાગ જોઇ રીવોલ્વરમાંથી ગોળી છોડી.

અવાજ થયો, પણ જ્યાં ખીમજીભાઇ આંખ ઉઘાડી જુવે છે તો હરણીયાં ચારો ચરી રહ્યાં છે અને એક-બીજાને ગેલ કરી રહ્યા હતાં. ખીમજીભાઇને થયું કે, શાસનદેવે મને સહાય કરી, મારી પ્રાર્થનાને સાંભળી, આ જીવોને બચાવ્યા.

યુરોપીયનને ગુસ્સો થઇ આવ્યો કે ગોળી છોડવા છતાં એકે હરણીયું હેઠે પડ્યું નહિ, ગોળી ખાલી ગઇ, મોઢા ઉપર શરમના શેરડા પડવા સાથે મનમાં કંઇક બડબડવા લાગ્યો. અને રીવોલ્વરને હાથમાંથી ફેંકી દીધી. જાણે રીવોલ્વરે તેનું અપમાન ન કર્યું હોય. યુરોપીયન શરમિંદો બની ગયો.

શ્રી ખીમજીભાઇ ટાંગામાં બેસી ગયા અને ટાંગો રસ્તો કાપવા લાગ્યો. ઘડીભર તો બન્ને જણ સુમસામ ચૂપ રહ્યા.

યુરોપીયનનો ગરમીનો પારો નીચે ઉતર્યો.

શ્રી ખીમજીભાઇએ કહ્યું કે સાહેબ! વાર્યા ન વળ્યા પણ હાર્યા તો રહ્યા. કોઇના જીવવાના અધિકારને છીનવી લેવાનો આપણને અધિકાર નથી.

યુરોપીયને કહ્યું કે આમ કેમ બન્યું?

ઇશ્વરે મારી લાજ રાખી. આ નવકાર મહામંત્રનો પ્રભાવ છે.

પછી તો રસ્તે જતાં ઘણી હકીકતો યુરોપીયનને ખીમજીભાઇએ જણાવી અને યુરોપીયને કાન દઇને ધરાઇ-ધરાઇને સાંભળી.

આ હતો મહામંત્ર શ્રી નવકારનો પ્રભાવ!

આ હતી મહામંત્ર શ્રી નવકાર ઉપરની અતૂટ શ્રદ્ધા!

આ રીતે ખીમજીભાઇએ યુરોપીયનને અહિંસાનો પાઠ ભણાવ્યો.

શ્રી ખીમજીભાઇ એ શ્રી કુંવરજીભાઇના ફુઆ થાય.

□□□

## સ્વાનુભવ-દર્શન

શ્રી નમસ્કાર મહામંત્રના જાગ્રત પ્રભાવને સમજાવતી એક તાજી બનેલી ઘટના. માગસર વદ પાંચમને ગુરુવારે, અમે પાટણથી વિહાર કરી કુણઘર આવ્યા. કુણઘરથી સાંજે લગભગ ૩-૧૫ મિનિટે વિહાર કરી, અડીયા જતા હતા સાથે કુણઘરના બે શ્રાવકો હતા અને ત્રણ સાધુ હતા. એકાદ માઇલ ચાલ્યા બાદ રસ્તાની જમણી બાજુએ એક સર્પને સમડી ચાંચો મારી હત-પ્રહત કરી રહી હતી. દૂરથી અમારી નજર ત્યાં પડી એટલે અમે હાથથી અવાજ કર્યો. અમારા અવાજથી સમડી ઉડીને જરા દૂર રહી જોવા લાગી. નજીક જઇ અમે જોયું તો સર્પ સાવ મૂર્છિત થઇને કુંડાલાકાર સ્થિતિમાં જણાયો અમને લાગ્યું કે, સર્પ કદાચ મરણ પામવાની તૈયારીમાં હશે. અમે તે સર્પને જરા મોટા અવાજથી શ્રી નવકાર સંભળાવવો શરૂ કર્યો. આમાં અમારી એક કલ્પના એ હતી કે, જો કદાચ મરણ પામવાની તૈયારીમાં હશે તો પણ એને પરલોક સુધારવામાં, શ્રી નવકારનું શ્રવણ ઉપયોગી થશે અને બીજી એ કલ્પના હતી કે જો આયુષ્ય બાકી હશે તો એને શ્રી નવકારનું શ્રવણ આ ચાલુ જીવન અંગે પણ લાભદાયી બનશે.

જીવ યોગ્ય હશે તો આ મહામંત્રના શ્રવણના પ્રતાપે એને મહાન લાભ થશે. સાવ મૂર્છિત દશામાં રહેલા એ સર્પને અમે જ્યાં નમસ્કાર મહામંત્ર સંભળાવવો શરૂ કર્યો, ત્યાં તો સાતમા નવકારે એના શરીરમાં હલનચલનની ચેષ્ટા શરૂ થઇ, આઠમા નવકારે આખું શરીર, જે કુંડલાકાર સ્થિતિમાં હતું તે સાવ સીધું થઇ ગયું.

### મંત્ર શક્તિનો પ્રભાવ

આ ઘટના ઇ.સ. ૧૯૫૪ના એપ્રિલની છઠ્ઠી તારીખની છે. સમય બપોરના બે લગભગનો હતો. હું તારદેવથી પાયધુની જતી ટ્રામમાં બેઠો. ટ્રામમાં બેઠા પછી મન ઉપર ભાર વધતો હોય તેવું લાગ્યું. માન્યું કે ખોરાકના અપચા આદિને કારણે હશે. પાયધુની આવતાં હું ટ્રામમાંથી નીચે ઉતરી ગયો. પણ મન વધુ ઉદ્વિગ્ન લાગ્યું.

મારે જવું હતું મારવાડી બજારમાં. પાયધુનીથી ત્યાં ૪-૫ મિનિટમાં પહોંચી શકાય. શ્રી નવકારના માનસ જાપ સાથે મેં ચાલવા માંડ્યું. જાપનો વેગ એકાએક વધી જવાથી મારી ચાલ ધીરી પડી ગઇ અને ચાર રસ્તે પહોંચતાં થંભી જવાયું. આંખો ઊંચી કરીને જોયું તો મારી ચારે બાજુએ મોટરો હતી. વચ્ચે હું એકલો ઊભો હતો. તેમ છતાં મનમાંથી છૂટેલાં શ્રી નવકારના જોરદાર આંદોલનોની અમાપ શક્તિના પ્રભાવે ચારમાંથી એકપણ દિશાની મોટર મારા શરીર સુધી આવી શકી નહોતી. હું શરમાઇને આઘો ખસી ગયો એટલે મોટરો માર્ગે પડી. તે પછી ચાર કલાક સુધી શ્રી નવકારના અમાપ ઉપકારને યાદ કરીને હું ખૂબ રોયો. તેમ જ શ્રી નવકારને વધુ ભાવ આપવાનો દૃઢ સંકલ્પ કર્યો.

□□□




# એક નિષ્ઠાવાન નિવૃત્ત વ્યક્તિના જીવનમાં ડોકિયું..!

## નિવૃત્ત જીવન

**જો થયો નિવૃત્ત ખૂણામાં ધકેલાતો ગયો,**
**જીવતે જીવત સ્મરણમાંથી ય ભૂંસાતો ગયો;**
**જિંદગીભરની કમાણી પુસ્તકો... એવું બધું,**
**રોજ એ ભંગારમાં-પસ્તીમાં વેચાતો ગયો.**
**સાંજ પડતા રાહ જોતું' તું કદી આખ્ખુંય ઘર,**
**છે હવે ઘરમાં ને ઘરનાથી ય ભૂલાતો ગયો;**
**જાય ક્યાં? પાસે વધારે એકલું મંદિર હતું,**
**સાંજના ઈશ્વર કને એ ઠોકરો ખાતો ગયો.**
**કાલ એમ્બ્યુલન્સ આવી'તી અચાનક રાતના,**
**ત્યારથી કેવળ કુતૂહલવશ એ ચર્ચાતો ગયો;**
**કેટલો ખુશ થાત એણે દૃશ્ય જોયું હોત આ,**
**બેસણું રાખ્યું હતું એ હોલ છલકાતો ગયો!**

**- રાજેશ વ્યાસ - 'મિસ્કીન'**

શબ્દ જ્યારે કવિતા બને છે ત્યારે તેનો અર્થ શબ્દ કોષના અર્થને અતિક્રમી જતો હોય છે, ઓળંગી જતો હોય છે. કવિતાનો શબ્દ અનુભૂતિને, વાતને અને વર્ણનને તમારા મનમાં એક નવી ઉંચાઈએ મૂકી આપતો હોય છે. પ્રત્યેક પંક્તિના શબ્દોની વચ્ચે જે ખાલી જગ્યા હોય છે ત્યાંથી મન પોતાની યાત્રાએ નીકળી શકે, પોતાના ભાવવિશ્વમાં ખોવાઇ શકે તેટલી મર્મસભર તે ખાલી જગ્યા હોય છે. કવિતાનો શબ્દ મોજાની જેમ આવ્યો હોય છે. દરિયાની ઊંડાઇ, તેના મોતી અને દરિયાની વિશાળતા સાથે તે જોડી આપતો હોય છે. પ્રત્યેક ભાવક પોતાના ગજા પ્રમાણે કાવ્ય વાંચતા-વાંચતા કાવ્યયાત્રાએ નીકળી પડતો હોય છે. **ગની દહીંવાલા**એ ઉર્દૂમાં ઓછું લખ્યું છે. તેમાંનું એક મુક્તક આ ક્ષણે યાદ આવી રહ્યું છે.

***ખૂબ ગેહરાઈ મેં પલતી હૈ ગઝલ,***
***ડૂબ જાઓ તો નિકલતી હૈ ગઝલ;***
***અપને શાઈર કા યે દિલ હૈ ગોયા,***
***જિતની બેહલાઓ બહેલતી હૈ ગઝલ.***

બધા જ નિવૃત્ત વ્યક્તિના જીવન એક સરખા નથી હોતા. પરંતુ ઘણાં બધા નિવૃત્ત વ્યક્તિના જીવન ઘણી બધી સામ્યતાઓ ધરાવતું હોય છે. જીવનભર ઓફિસને મંદિર ગણીને જીવ્યા હોય, Work એ જ Worship માન્યું હોય, ચોક્કસ ટાઇમ થાય એટલે ઓફિસ જવા નીકળવાનું જ હોય, ઋતુ કોઇ પણ હોય પૂરી નિષ્ઠાથી ઓફિસનો સમય અચૂક પળાયો હોય, ઘેર પાછા આવવાનો પણ ચોક્કસ સમય હોય. ઓફિસમાં તમે જાવ એટલે જય શ્રી કૃષ્ણ અને ગુડ મોર્નિંગથી માંડીને ઔપચારિકતા પતાવતા-પતાવતા એક રૂઆબ સાથે તમે તમારા ટેબલ પર ગોઠવાવ, તમે તમારા કામમાં ડૂબી જાવ. ઓફિસની દુનિયા એક અલગ દુનિયા છે. તમારો હોદ્દો, તમારા શબ્દો, તમારી સહી પ્રત્યેકની કિંમત હોય છે. પુષ્કળ જ માન મળતું હોય છે. જે ટેબલ ઉપર બેસતા હોઇએ છીએ તે ટેબલને પણ સ્વચ્છ રાખ્યું હોય છે. બધું ગોઠવીને રાખ્યું હોય છે. બેલ મારો અને પાણી ને ચા આવે. કોઇને મળવું હોય તો એપોઇન્ટમેન્ટ લેવી પડે. તમે ઓફિસમાં રાઉન્ડમાં નીકળો અને આખો સ્ટાફ સભાન થઇ જાય. તમારો ઠાઠ-ઠસ્સો, માન-સન્માન કંઇક અલગ હોય છે. સાંજે આફિસેથી છૂટીને ઘેર જાવ ત્યારે આખું ઘર રાહ જોતું હોય છે. સૌને માટે તમે કંઇ ને કંઇ લઇ ગયા હો છો. તમારી હાજરીથી ઘર કલબલતું થઇ જાય છે. તમે શું ખાશો? શું પીશો? ટી.વી. ઉપર કઇ ચેનલ જોશો? તમને શું ગમશે અને શું નહીં ગમે તેની બધી જ કાળજી ઘરના બધા જ રાખતા હોય છે. મહત્વની વ્યક્તિઓ ખાસ સમય લઇને ઘેર મળવા આવતી હોય છે. તમને માન આપીને પોતાને ઘેર ખાસ જમવા માટે બોલાવ્યા હોય છે.

Corruption ના જમાનામાં પૂરી નિષ્ઠાથી સૌના કામ કર્યા હોય, નિઃસ્વાર્થ ભાવે કોઇ બદલાની અપેક્ષા વગર સૌને સતત ઉપયોગી થયા હોય એ માણસ એક દિવસ 'રિટાયર્ડ' થાય છે, નિવૃત્ત થાય છે. Ferewell Party યોજાય છે. યુવાનીમાં જે ઓફિસમાં પગ મૂક્યો હતો ત્યાંથી હવે વૃદ્ધ બનીને નિવૃત્ત થઇ રહ્યો છે. કાલથી હવે ઓફિસ નથી આવવાનું. બસ ટાઇમ જ ટાઇમ છે. ઘણું બધું વિચારી રાખ્યું છે. ઘણાંયે પૂછ્યું હતું Retirement પછી શું વિચારો છો? અને જોઇએ... એવો જવાબ પણ અપાયો હશે... ગઝલમાં પ્રવેશ અહીંથી થાય છે. એક નિવૃત્ત વ્યક્તિના જીવનમાં આ ગઝલ ડોકિયું કરાવે છે. સૌની જેમ એ નિષ્ઠાવાન ઓફિસર રીટાયર્ડ થયો, ધીરે-ધીરે ઓફિસ નથી જવાનું એ વાતથી મન મનાવાનું હતું, ઘરમાં ગોઠવાઇ જવાનું હતું. નિવૃત્ત જીવનને વધુ પ્રવૃત્તિમય બનાવવાનું

હતું. પણ....

જીવન કલ્પનાઓ મુજબનું કે સપનાઓ મુજબનું જીવાતું નથી હોતું. નિવૃત્ત થયા પછી જેમ જેમ દિવસો વિતતા ગયા તેમ તેમ એ ઓફિસર, એ પિતા એ પતિ જાણે ખૂણામાં ધકેલાતો ગયો. રોજ કેટલા લોકો મળવા આવતા હતા. રોજ કેટલા બધા ફોન આવતા હતા. હવે કોઇ મળનાર નથી. કોઇના ખાસ ફોન આવતા નથી. માણસ મૃત્યુ પછી ભૂંસાતો હોય છે. પરંતુ તેણે જોયું કે તે તો જીવતે જીવત લોકોની યાદોમાંથી, લોકોના સ્મરણોમાંથી ભૂંસાવા માંડ્યો હતો. તે કેટલો નકામો થઇ ગયો છે, તે હવે કામનો નથી રહ્યો. તે અનુભવ પ્રત્યેક પળે જાણે તેને થતો જ ગયો.

જીવનમાં સારું-સારું વાંચવાનો શોખ હતો. પોતાના ક્ષેત્રના દુર્લભ કીમતી પુસ્તકો તેણે ઘરમાં વસાવ્યા હતા. જીવ 'Art' નો હતો એટલે કંઇક કલાકૃતિઓ પણ વસાવી હતી. તેના જીવનની જેમ એ બધું પણ સાવ નકામું બની ગયું હતું. જૂનવાણી હતું. Old fashion નું હતું. ધીરે ધીરે કરીને રોજ કટકે-કટકે એ બધું ભંગારમાં અને પસ્તીમાં વેચાતું ગયું. રિટાયર્ડમેન્ટના-વૃદ્ધાવસ્થાના દિવસો ખૂબ લાંબા હોય છે. હા, ક્યારેક એવાય દિવસો હતા કે આખુંય ઘર સાંજ પડતા રાહ જોતું હતું. હવે એ ઘરમાં છે છતાંય જાણે ઘરમાં ન હોય એમ સાવ ભૂલાઇ ગયો છે.

ક્યાં તો ભૂલાઇ જાય છે. ક્યારેક જમવાનો પ્રોગ્રામ કે બહાર જવાનો પ્રોગ્રામ તેમને ધ્યાનમાં રાખ્યા વગર જ ગોઠવાઇ ગયો હોય છે.

આવી વ્યક્તિ જાય તો ક્યાં જાય? કોને ઘેર? હવે પહેલા જેવું બરોબર ચલાતું નથી. હવે પાસેમાં પાસે પોતાના જેવું જ એકલું માત્ર મંદિર જ દેખાય છે. જીવનની સાંજે એ દર્શન કરવા જાય છે. રોજ ઠોકરો ખાતો-ખાતો એ દર્શન કરીને પાછો આવે છે. પરંતુ ભાગ્યમાંથી એ સુખ પણ એક દિવસ અચાનક છિનવાઇ જાય છે. આજુબાજુના લોકોને, ઓળખીતાઓને એટલી ખબર પડી હતી કે ગઇકાલે રાત્રે એમને લેવા માટે એમ્બ્યુલન્સ આવી હતી. એમને શું થઇ ગયું? કેમ લઇ ગયા? કઇ હૉસ્પિટલમાં કઇ ટ્રીટમેન્ટ ચાલે છે? કોઇને કશી ખબર નહોતી. પરંતુ નિવૃત્ત થયા પછી ઘણા વખતે એ માણસ પહેલીવાર કુતૂહલવશ બધાની ચર્ચામાં રહ્યો. ગઝલના અંતિમ શેરમાં ગઝલકારે વાત છેડી છે કે એણે આ દૃશ્ય જો જોયું હોત તો એ કેટલો ખુશ થયો હોત? આપણે પણ આ પંક્તિ વાંચતા ચોંકીએ છીએ.

બીજી પંક્તિમાં જણાવ્યું છે કે એનું બેસણું જે હોલમાં રાખ્યું હતું એ હોલ આખ્ખો છલકાતો હતો. નિવૃત્ત થતાં ખૂણામાં ધકેલાઇ ગયેલો માણસ અચાનક મૃત્યુથી બધાને યાદ આવી જાય છે. એકલતામાં ઘૂંટાયેલા માણસની શોકસભામાં કેટલા માણસ ઉમટ્યા છે?

'બેફામ'નો એક શેર યાદ આવે છે.

**રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એ જ કારણથી,**
**હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી!**

– રાજેશ વ્યાસ 'મિસ્કીન' ('ગુજરાત સમાચાર'માંથી સાભાર)

## જલકમલવત્

એક પ્રશ્ન મનમાં ઉઠે છે; ઉઠતો જ રહે છે. કિશન-કૃષ્ણ નામને જ વરદાન છે કે તે નામધારી સંસારમાં રહેવા છતાં સંસારથી પર રહી જીવનધર્મ પાળી શકે? આ વાત થઇ રહી છે કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખારોઇ ગામના વતની શ્રી કરશનભાઇની. તેઓ વિશા ઓસવાલ જ્ઞાતિના સ્થાનકવાસી જૈન.

બચપણમાં દીક્ષાના અદરેકા ભાવ છતાં માની અસંમતિ પારખી ગૃહસ્થ ધર્મના પાલન માટે કચવાતે મને પોતાની જાતને તૈયાર કરી. જબરી કોઠા-સૂઝના જણ. વ્યાવસાયિક બાબત હોય, જનસેવા ખાસ કરી શિક્ષણના ક્ષેત્રમાં કરવાની હોય કે ધાર્મિક કાર્યો કરવાના હોય તે સદા-સર્વદા તૈયાર! બહુ નાની ઉંમરે ચોથા વ્રતની બાધા લીધી અને સાથે સાથે પોતાના વ્યવસાયમાંથી પણ નિવૃત્તિ લઇ લીધી. હવે જનસેવા અને ધર્મ સિવાય કશામાં પણ તેમને રસ રહ્યો નહીં. અગર જનસેવા તેમનું ગૌરવ હતું, તો ધર્મ તેમનું જીવન હતું. કોઇ સુગંધી પુષ્પ હોય તો તેની સુગંધ અને પુષ્પ વિશે આપણે અલગ અલગ ન વિચારી શકીએ. બસ, આ જ રીતે તેઓ ધર્મ સાથે અવિનાભાવે જોડાયેલા હતા.

બ્રહ્મમુહૂર્તમાં એટલે કે સવારે ચાર વાગે ઊઠી જાય અને ઉપાશ્રયે પહોંચી પ્રતિક્રમણ વિધિમાં લાગી જાય. ધાર્મિક-આધ્યાત્મિક વાંચન કરે અને ઉપાશ્રયમાં બિરાજતા મહારાજસાહેબ-મહાસતીઓના વ્યાખ્યાનનું એક ચિત્તે શ્રવણ કરે. તે પછી અનેકવિધ સંઘ તથા અ.ભા. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સાથે સંકળાયેલ હોઇ સંઘની ઑફિસમાં બેસી, કાર્યધુરા સંભાળી બાર-સાડાબાર વાગે ઘરે જવા પ્રયાણ કરે. વર્ષોથી તેમનો આ જ ક્રમ અને તેમાં પરિવર્તનની કોઇ ગુંજાઇશ નહોતી, પરંતુ પરિવર્તન એ જ સૃષ્ટિનો નિયમ હોય તો કરશનભાઇ તેમાં શી રીતે અપવાદરૂપ બની શકે? એક વહેલી સવારે ઉપાશ્રયમાં પ્રતિક્રમણ પૂરું કર્યા પછી ઉપાશ્રયમાં બિરાજતા સાધુગણ પાસે ઘરે વહેલા જવાની રજા માંગી. સૂર્યની ચોકસાઇથી પોતાની દિનચર્યા પાળનાર આજે વહેલા જવાની રજા માગે? સાધુગણ તદ્દન આશ્ચર્યચકિત! મોટા મહારાજ સાહેબે સ્વાભાવિક રીતે પૃચ્છા કરી-'કરશનભાઇ, શું વાત છે? આજે દિનચર્યામાં ફેરફાર શા કાજે?' કરશનભાઇએ બે હાથ જોડી નતમસ્તકે ઉત્તર આપ્યોઃ 'મહારાજસાહેબ, ઘરે અતિથિ પધાર્યા હતા, તેમને વળાવવા ઘરે જવું પડે તેમ છે.'

તેઓ તો ઘરે ગયા. વ્યાખ્યાનનો સમય થયો પરંતુ ઉપાશ્રયમાં શ્રાવકોની હાજરી સાવ પાંખી. વ્યાખ્યાન પૂરું થતાં પૂ. મહારાજસાહેબે કાર્યકતાઓને કારણ પૂછ્યું. જાણવા મળ્યું કે રાત્રિના સમયે કરશનભાઇના જુવાનજોધ પુત્રનો દેહાંત થવાથી સહધર્મીભાઇઓ અગ્નિસંસ્કાર અર્થે સ્મશાને ગયા હતા. પૂ. મહારાજસાહેબ કશું જ બોલી ન શક્યા, પરંતુ તેમના ચિત્તમાં એક ચમકારો થયો કે વહેલી સવારે કરશનભાઇ જે અતિથિવિદાયની વાત કરતા હતા તે તેમના જ પુત્રની ચિરવિદાયની વાત હતી! ધર્મ જેમની રગરગમાં ઊતરી ગયો હોય તે જ વ્યક્તિ આ રીતે અનાસક્ત અને અસંગ રહી શકે. ફરી સંધ્યાકાળ થયો અને ફરી કરશનભાઇ પ્રતિક્રમણ માટે ઉપાશ્રયમાં હાજર! આ કરશનભાઇ તે બીજું કોઇ નહીં પરંતુ દાદર-મુંબઇમાં જે ઉપાશ્રયને તેમનું નામ આપવામાં આવ્યું છે તે કર્મયોગી **કરશનભાઇ લધુભાઇ નિશર!**

– જિતેન્દ્ર એ. શાહ



## યુવા જગત

સંપાદક : હિતેન શામજી છેડા
(દેશલપુર કંઠી-તારદેવ)

# જૈન શાસનની પ્રેરણાદાયક માહિતી

જૈન શાસનની કેટલીક જાણવા જેવી પ્રેરણાદાયક ઘટનાનો સંક્ષિપ્ત ચિત્તાર અહીં પ્રસ્તુત છે. સુજ્ઞ વાચકોને અમારો આ પ્રયાસ અવશ્ય ગમશે એવી શ્રદ્ધા છે. **– તંત્રી**

- શ્રી શત્રુંજય ગિરિરાજ પરના આદિશ્વર દાદાની પ્રતિષ્ઠા કરનાર **શ્રી વિદ્યામંડનસૂરિજી**ને પોતે રચેલા સ્તોત્રો તેમજ પોતે કરેલી પ્રતિષ્ઠાઓમાં ક્યાંય પોતાનું નામ ન લખાવવું એવો અભિગ્રહ હતો. શ્રી શત્રુંજય ગિરિરાજ પર શ્રી આદિશ્વર દાદાની પ્રતિષ્ઠા વખતે અનેક ગચ્છોના આચાર્યો પધાર્યા હતા. ત્યારે શ્રી વિદ્યામંડનસૂરિજીએ તપાગચ્છીય શ્રી આનંદવિમલસૂરિ મહારાજાની રાય લીધી. અંતે ઠરાવ થયો. દાદાની પ્રતિમા પર થતી પ્રતિષ્ઠાદિમાં આજ સીલસીલો ચાલે છે. એટલે કે વ્યક્તિગત કોઇ આચાર્યનું નામ ન લખતા **'સૂર્વસૂરિ'** એમ જ લખાય છે.
- સંગીતના સાત સૂર માટે કહેવાય છે કે એ સાતે પશુ-પંખીઓના અવાજમાંથી પ્રાપ્ત થયા છે. **ખરજ**-મોર પાસેથી, **રિખવ**-બપૈયા પાસેથી, **ગંધાર**-બકરી પાસેથી, **મધ્યમ**-કલંગ પક્ષી પાસેથી, **પંચમ**-કોયલ પાસેથી, **ધૈવત**-દેડકા પાસેથી અને **નિષાદ**-હાથી પાસેથી મળેલ છે.
- ગાંધીજીએ અમદાવાદમાં એક પુસ્તકાલયનો પાયો નાખતી વખતે જે શબ્દો ઉચ્ચાર્યા હતા તે જૈન શ્રાવકોએ ધ્યાનથી વાંચવા જેવા છે. ''ગુજરાતમાં જૈન ધર્મના પુસ્તકોના ઘણાં ભંડાર છે. પણ તે વાણિયાના ઘેર છે. તેઓ એ પુસ્તકોને સુંદર રેશમી વસ્ત્રોમાં વીટાળી રાખે છે. પુસ્તકોની એ દશા જોઇ મારું હૃદય રડે છે. પણ જો રડવા બેસું તો હું ૬૩ વર્ષ જીવું પણ શી રીતે? પણ મને તો એમ થાય છે કે જો ચોરી ગુનો ન ગણાતી હોય તો એ પુસ્તકો હું ચોરી લઉં અને પછી એમને કહું કે તમારે માટે એ લાયક ન હતા. માટે મેં ચોરી લીધા. વણિકો એ ગ્રંથોને નહિ શોભાવે. વણિકો તો પૈસા ભેગા કરી જાણે. અને તેથી જ આજે જૈન ધર્મ-જૈન સાહિત્ય જીવવા છતાં સુકાઇ ગયાં છે!
- ઘંટ બે પ્રકારના હોય છે. (૧) **નરઘંટ** અને (૨) **માદા ઘંટ.** નરઘંટમાં કાંસાનું એવી રીતે મિશ્રણ હોય છે, જેથી પુરુષ જેવો પહાડી અવાજ આવે અને માદા ઘંટમાંથી સ્ત્રી જેવો અવાજ આવે. આવા નર-માદા ઘંટની જોડી **પાલિતાણા, રાણકપુર, અમદાવાદ** અને **પુના**માં છે.
- શ્રી હીર સૌભાગ્ય નામના મહાકાવ્યમાં શ્રી દેવવિમલ ગણિએ લખ્યું છે કે ગુજરાત રૂપી લક્ષ્મીનું મુખ **અમદાવાદ છે. ખંભાત** અને **પાટણ** એના ચમકતા કુંડળ છે.
- કવિ બહાદુર **શ્રી દીપવિજયજી મહારાજ** વસુંધરા દેવીના સાધક હતા. ચરોતરના વસો ગામમાં આજે પણ આ દેવીનું મંદિર છે.
- શાસન સમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજાના વિદ્વાન શિષ્ય **શ્રી લાવણ્યસૂરીશ્વરજી મહારાજ** હંમેશા **માલકોષ રાગ**માં પ્રવચન આપતા. તેમને સાંભળવા હજારો લોકોની મેદની એ વખતે ઉમટી પડતી.
- સુપ્રસિદ્ધ જાદુગર **કે'લાલ** દુનિયાના કોઇ પણ દેશમાં ગયા તોય ત્યાં તેમણે નથી માંસાહાર કર્યો, નથી શરાબ પીધો, એટલું જ નહિ પોતાના સ્ટાફમાં પણ કોઇ માંસાહાર કરી શકતું નહિ અને શરાબ પણ પી શકતું નહિ એવો નિયમ બનાવ્યો હતો.
- **'સમરો મંત્ર ભલો નવકાર'** પદના રચયિતા સિનોર નિવાસી **કવિ પંડિત શ્રી ચંદુલાલ નાનચંદ** હતા. તેમણે અનેકવિધ કૃતિઓની રચના કરી છે. તેઓ ભરૂચના પંડિત અનોપચંદ મલુકચંદના વિદ્યાર્થી તરીકે પ્રસિદ્ધ હતા.
- આરોગ્યશાસ્ત્રમાં અમુક વસ્તુ અમુક મહિનામાં સેવન કરવાથી આરોગ્યનું નુકસાન જણાવ્યું છે. તેથી તે મહિનામાં તે વસ્તુનો ત્યાગ કરવો જોઇએ. આ રહી તે વસ્તુઓ : (૧) કારતકમાં **દહી,** (૨) માગશરમાં **જીરૂ** (૩) પોષમાં **ધાણા** (૪) મહામાં **સાકર** (૫) ફાગણમાં **ચણા** (૬) ચૈત્રમાં **ગોળ** (૭) વૈશાખમાં **તેલ** (૮) જેઠમાં **વિહાર** (૯) અષાઢમાં **પાન** (૧૦) શ્રાવણમાં **દૂધ** (૧૧) ભાદરવામાં **છાશ** અને (૧૨) આસોમાં **કારેલા.** □□



# પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'ના જીવનની વિરલ સિદ્ધિઓ

નવકારના પરમોપાસક અને જૈન સંગીતરત્ન **પૂ. શ્રી જયંતભાઇ 'રાહી'**નો જૈન સંગીત ક્ષેત્રનો સુવર્ણ મહોત્સવ ખૂબ જ શાનદાર રીતે ઉજવવાનું નક્કી થયું છે. ત્યારે તેમના જીવનની કેટલીક વિરલ સિદ્ધિઓ અહીં પ્રસ્તુત કરતા અમને અત્યંત આનંદ થાય છે.

- ૨૫૦થી અધિક પ્રતિષ્ઠા મહોત્સવમાં અને ૧૨૫થી અધિક અંજનશલાકા મહોત્સવમાં અદ્‌ભૂત સંગીત સાથે સ્ટેજ પ્રોગ્રામ આપવાનો વિક્રમ **પૂ. 'રાહી' સાહેબ**ના નામે છે.
- પૂ. શતાવધાની **આ.શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા.**ની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે **પૂ.આ.શ્રી જયશેખરસૂરીશ્વરજી મ.સા.**ની પ્રેરણાથી આજથી ૧૬ વર્ષ પહેલા **ચેમ્બુર**થી શરૂ થયેલ **પૂ.શ્રી 'રાહી' સાહેબના નવકાર જાપ** એ પછી દર મહિને **ઘાટકોપર, મુલુન્ડ** અને **પાયધુની**માં છેલ્લા દોઢ દાયકાથી અવિરત ચાલુ છે. અને તેમાં હજારો લોકો જાપ કરવા પધારે છે.
- **પૂ. 'રાહી' સાહેબ**નું પ્રિય કાર્ય છે **સાધર્મિક ભક્તિ.** આ સત્કાર્ય માટે તેઓ પ્રતિવર્ષ પોતાના સ્વદ્રવ્યની સાથે દાતાઓના મળેલ સહયોગથી કચ્છ-ગુજરાતમાં એકલા-અટુલા રહેલા વૃદ્ધજનોને સવાર સાંજનું જમવાનું ટિફિન, દવા, વસ્ત્રો વગેરેની ભક્તિ કરાવે છે.
- માત્ર ૩૫ વર્ષની યુવાનવયે **પૂ. 'રાહી' સાહેબે અને સુશીલાબેને** પૂ.આ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. પાસે **ચતુર્થ વ્રત (બ્રહ્મચર્ય વ્રત)** અંગીકાર કર્યું છે.
- નવકારના પ્રકાંડ સાધક એવા **પૂ. 'રાહી' સાહેબ** રોજના સાતથી આઠ કલાક નવકાર જાપમાં ગાળે છે. આગામી અષાઢી પૂર્ણિમા-ગુરુ પૂર્ણિમાના તેમના ૭૨મા જન્મ દિને તેઓ **ચૌદ નવલખા જાપ** અર્થાત્ **એક કરોડ છવ્વીસ લાખ** નવકાર જાપની આરાધના પૂર્ણ કરશે.
- **પૂ. 'રાહી' સાહેબે** મુંબઇ ઉપરાંત કચ્છ-ગુજરાત, કોલકાત્તા, હૈદ્રાબાદ, કોચીન વગેરે શહેરોમાં પણ નવકાર જાપ કરાવ્યા છે. **પૂ. 'રાહી' સાહેબ**ના જ્યાં જ્યાં નવકાર જાપ યોજાય છે ત્યાં તેઓ કશું જ માન-સન્માન-ઇનામ-અકરામ સ્વીકારતા નથી. નવકાર જાપ કરાવવાનું કામ તેઓ નિઃસ્વાર્થ ભાવે છેલ્લા દોઢ દાયકાથી કરી રહ્યા છે.
- પોતાના સ્વરચિત ભક્તિગીતોના ૬૦થી અધિક પુસ્તકો તેમણે આજ સુધીમાં પ્રગટ કર્યા છે.
- નવકાર મંત્રના પ્રસાર-પ્રચાર માટે તેમણે સ્થાપેલ **બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર** સંસ્થા આજે સુંદર કામગીરી બજાવી રહી છે.
- તેઓશ્રીની પ્રેરણાથી મુંબઇમાં અને અન્યત્ર ૬૦થી અધિક **પંચ પરમેષ્ઠી મહિલા મંડળો**ની સ્થાપના થઇ છે. અને આ મંડળના બહેનો દ્વારા ઘરે ઘરે ગૃહ નવકાર જાપ દ્વારા નવકારના પ્રસાર-પ્રચારનું સુંદર કાર્ય થઇ રહ્યું છે.
- નવકાર મંત્રના સવિશેષ પ્રસાર-પ્રચાર માટે તેમણે **શ્રી ચીમનલાલ કલાધર**ના તંત્રીપદ હેઠળ **'નવકારનો રણકાર'** નામનું માસિક પત્ર શરૂ કરાવ્યું છે. છેલ્લા નવ વર્ષથી નિયમિત પ્રગટ થતાં આ લોકપ્રિય સામયિકે ઘર ઘરમાં નવકારનો મહિમા પ્રસારિત કરવામાં મોટું યોગદાન આપ્યું છે.
- દેશ-વિદેશમાં નવકાર મંત્રના પ્રસાર-પ્રચાર માટે www.vishwamantranavkar.org નામની વેબસાઇટ **પૂ. 'રાહી' સાહેબે** ચાલુ કરાવી છે. આ વેબસાઇટથી અનેક લોકો નવકાર નિષ્ઠ બન્યા છે. લાખો લોકો સુધી નવકારના પ્રભાવ અને પ્રતાપની વાતો આ વેબસાઇટ દ્વારા પહોંચી છે.

**- માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઇ પંચ પરમેષ્ઠી પરિવાર**

શુભેચ્છક
શ્રી નમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ
વિજયવલ્લભ ચોક, પાયધુની, મુંબઇ-૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૩ ૨૭૫૫



# જૈન સંગીતરત્ન
# શ્રી જયંતભાઈ 'રાહી'ના સંગીત યાત્રાના
# ૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે
# શાનદાર સંગીત મહોત્સવ







આપણા સૌના લોકલાડીલા નવકાર મંત્રના પરમોપાસક **પૂ. શ્રી જયંતભાઈ 'રાહી'**એ પોતાના જૈન સંગીત ક્ષેત્રના યશસ્વી ૫૦ વર્ષની તેમની સંગીત ક્ષેત્રની દીર્ઘ યાત્રાની પૂર્ણાહુતિ નિમિત્તે તેની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવા નીચે મુજબના એક **અદ્‌ભૂત સંગીત મહોત્સવ**નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અનેક રીતે વિરલ, વિશિષ્ટ અને ઐતિહાસિક બની રહેનારા આ મનભાવન કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે :

**શુભ દિન** : રવિવાર, તા. ૨૮-૦૭-૦૨૦૧૩

**સમય** : બપોરના ૩-૩૦થી રાત્રીના ૯-૦૦

**શુભસ્થળ** : હાલારી વીસા ઓસવાલ જૈન વાડી, દાદા સાહેબ ફાળકે રોડ, રણજીત સ્ટુડિઓ સામે, દાદર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૧૪.

**કાર્યક્રમ** : બપોરના ૩-૩૦ના **પૂ. 'રાહી' સાહેબ**નું આગમન અને તેમનું ભવ્ય સ્વાગત. એ પછી ૪-૦૦ થી ૫-૦૦ અલ્પાહાર, ૫-૦૦ થી ૭-૩૦ સુપ્રસિદ્ધ ગીતકારો-સંગીતકારો દ્વારા અદ્વિતીય કાર્યક્રમ. ૭-૩૦ થી ૯-૦૦ **પૂ. 'રાહી' સાહેબ** વિશે વિવિધ અગ્રણીઓના વક્તવ્યો, **પૂ. 'રાહી' સાહેબ**નું અભિવાદન અને **પૂ. 'રાહી' સાહેબ** દ્વારા સુંદર ભક્તિગીતો, કથાગીતો પ્રસ્તુત કરાશે.

**આ કાર્યક્રમ માત્ર આમંત્રિતો માટે આયોજિત કરવામાં આવ્યો છે. આમંત્રિતોને સમયસર પધારી સહયોગ આપવા વિનંતી છે.**

**માનદ્ મંત્રીઓ, બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર**

મુદ્રક અને પ્રકાશક : બૃહદ્ મુંબઈ પંચ પરમેષ્ઠી પરિવાર, ૩૦૧, શ્વેશ હાઉસ, ત્રીજે માળે, ૭૫, સેકન્ડ લેન, હિન્દુ કોલોની,
ભગિની સમાજ સામે, દાદર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : (૦૨૨) ૬૫૨૫૭૮૩૯/૩૨૧૬૪૨૪૩
મુદ્રણસ્થાન : રાજુલ આર્ટસ્, ઘાટકોપર (ઇ), મુંબઈ-૪૦૦૦૭૭. ફોનઃ ૯૭૬૯૭૯૧૯૯૦. E-mail: rajul.arts@yahoo.com